


# ન્યુઝ 4 કચ્છ
'વાત કચ્છીયતની'

RNI No. GujGuj/2023/87263 તંત્રી : જય દિનેશભાઇ દવે News4Kutch Daily

News Help Line : 78 74 88 99 33

વર્ષ: ૦૨ અંક : ૫ તા.૧૮.૦૭.૨૦૨૪, ગુરૂવાર પાના: ૬ કિંમત: રૂા.૧ રજી.ઓફિસ: ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 02 Issue : 5 Dt. 18-07-2024, Thursday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com


**સુવિચાર**
લોકોની ટીકાથી તમારો માર્ગ ન બદલતા કારણ કે, સફળતા શરમ થી નહીં સાહસથી જ મળશે!

# સરકારી કર્મચારીઓ, ખેડૂતો, આમ નાગરીકોને ખુશ કરતા બજેટની પ્રબળ શક્યતા

**ઓછી બેઠકો બાદ આ વખતે લોકોને અસર કરતી બાબતોને લઈને બજેટ તૈયાર થઈ રહ્યુ હોવાનુ સામે આવ્યુ છે તે વચ્ચે આ બેજેટમાં કર્મચારીઓ માટે નવા પગારપંચ સહિત ખેડુતો માટે મહત્વની જાહેરાત સરકાર કરી શકે છે. આ સાથે ટ્રેન તથા અન્ય બાબતોમાં ખાસ જોગવાઈ સાથેનુ બેજટ રજુ કરાશે તેવુ અનુમાન છે**



નવી દિલ્હી, તા.૧૭

નાણામંત્રી નિર્મલા સીતારમણ ૨૩ જુલાઈના રોજ કેન્દ્રીય બજેટ ૨૦૨૪-૨૫ રજૂ કરવા જઈ રહ્યા છે. જે પહેલા કેન્દ્રીય કર્મચારીઓએ પોતાની માંગણીઓ બજેટ માં રજૂ કરી છે. કર્મચારીઓની તમામ માંગણીઓમાં ૮માં પગારપંચની રચના સૌથી અગ્રણી માંગણીઓ માંની એક છે. અગાઉ, ૯ જુલાઈએ કેબિનેટ સચિવને લખેલા પત્રમાં, કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને કામદારોના સંઘે બજેટ ૨૦૨૪ પહેલા તેની માંગણીઓ રજૂ કરી હતી. આ ઉપરાંત કર્મચારી સંઘે ૮મા પગાર પંચની રચના માટે સરકારને પ્રસ્તાવ પણ આપ્યો છે. એવી અપેક્ષા છે કે ત્રીજી વખત સત્તામાં આવેલી મોદી સરકાર બજેટમાં ૮મા પગાર પંચની રચનાની જાહેરાત કરી શકે છે. ૨૦૨૪-૨૫ના બજેટમાં સરકારી કર્મચારીઓને સારા સમાચાર મળી શકે છે. કેન્દ્ર સરકારને ૮મા પગાર પંચનો પ્રસ્તાવ મળ્યો છે, જેના દ્વારા સરકારી કર્મચારીઓ અને પેન્શનરોના વર્તમાન પગાર, ભથ્થા અને લાભોની સમીક્ષા કરી શકાશે. આ પ્રસ્તાવ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સરકારને મોકલવામાં આવ્યો છે જેથી કરીને આગામી બજેટમાં તેને સામેલ કરવામાં આવી શકે.૮મા પગાર પંચની દરખાસ્ત માટે નેશનલ કાઉન્સિલ એમ્પ્લોઈઝના સંયુક્ત સલાહકાર મશીનરીના સચિવ શિવ ગોપાલ મિશ્રાએ કેન્દ્ર સરકારના કેબિનેટ સચિવને એક પત્ર લખ્યો છે. જેમાં તેમણે ૮મા પગાર પંચના ગઠનની માગણી કરી છે. દર ૧૦ વર્ષે, એક કેન્દ્રીય પગાર પંચની રચના કરવામાં આવે છે, જે સરકારી કર્મચારીઓના પગાર માળખા, ભથ્થાં અને લાભોની સમીક્ષા કરે છે અને ફુગાવાના આધારે જરૂરી ફેરફારો સૂચવે છે.અગાઉના ૭મા પગાર પંચની રચના ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહની સરકાર દ્વારા ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૪ના રોજ રજૂ વચગાળાના બજેટમાં કરવામાં આવી હતી. તેની ભલામણો ૧ જાન્યુઆરી ૨૦૧૬થી અમલમાં આવી હતી. વર્તમાન સરકારના કાર્યકાળ દરમિયાન આ પ્રથમ વખત બનશે જ્યારે નવા પગાર પંચની રચના કરવામાં આવશે. જો કે તેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી બજેટ ૨૦૨૪-૨૫માં ૮મા પગાર પંચની જાહેરાત સાથે સરકારી કર્મચારીઓ અને પેન્શનરોના જીવનમાં સકારાત્મક ફેરફારોની અપેક્ષા રાખી શકાય છે. કેન્દ્ર સરકાર ખેડૂતો માટે અનેક મોટી જાહેરાતો કરી શકે છે. માનવામાં આવી રહ્યું છે કે, સરકાર કિસાન ક્રેડિટ કાર્ડની મર્યાદા વધતાં કૃષિ ઉપ કરણો પર સબસિડી વધારવા અને કિસાન સન્માન નિધિ દ્વારા આપવા માં આવતી રકમમાં વધારો થઈ શકે છે આ ઉપરાંત બજેટમાં રેલવે મુસાફરોની ક્ષમતા અને સુરક્ષા પર ભાર મૂકવામાં આવે તેવી શકયતા બેજટમાં રખાઇ રહી છે.

## ખેડૂતોને ચાર મોટી જાહેરાતથી ખુશ કરશે સરકાર

બજેટ ૨૦૨૪માં કેન્દ્ર સરકાર ખેડૂતો માટે અનેક મોટી જાહેરાતો કરી શકે છે. વખતે ખેડૂતો માટે મોટી જાહેરાતો કરી શકે છે.જેમાં ખેડૂત સંગઠન લાંબા સમયથી પીએમ કિસાન સન્માન નિધિની રકમ વધારવા માગ કરી રહી છે. હાલ, ખેડૂતોને વાર્ષિક રૂ. ૬ હજાર આપે છે, પરંતુ મોંઘવારી અને વધતા ખર્ચના લીધે આ રકમ વધારવાની જરૂરિયાત દર્શાવાઈ છે. સરકાર તેમાં વધારો કરી રૂ. ૮૦૦૦ પ્રતિ વર્ષ કરી શકે છે.આ ઉપરાંત વર્તમાનમાં કિસાન ક્રેડિટ કાર્ડ અંતર્ગત ૭ ટકા વ્યાજ પર રૂ. ૩ લાખની કૃષિ લોન મળે છે, જેમાં ૩ ટકા સબસિડી સામેલ છે. અર્થાત ખેડૂતોને આ લોન ૪ ટકાના વ્યાજદર પર મળે છે. મોંઘવારી અને ઉત્પાદન ખર્ચમાં વધારો થતાં સરકાર આ મર્યાદા વધારી રૂ. ૪-૫ લાખ કરી શકે છે.તો કેન્દ્ર સરકાર દેશભરના ખેડૂતોને સિંચાઈ માટે સબસિડી પર સોલાર પંપ ઉપલબ્ધ કરાવે છે. ખેડૂત સંગઠન ઈચ્છે છે કે, સોલાર પંપ મારફત મળતી વીજનો ઉપયોગ કરી ઉત્પાદન ખર્ચમાં ઘટાડો કરી શકાય છે. જેથી આ અંગે ખાસ જોગવાઈ રજૂ થઈ શકે છે. સાથે કૃષિ ઉપકરણો પર લાગુ જીએસટીનો ખેડૂત સંગઠન વિરોધ કરી રહ્યો છે. તેમની માગ છે કે, સરકાર કૃષિ ઉપ કરણો પર જીએસટી દૂર કરે અથવા ઈનપુટ ટેક્સ ક્રેડિટનો લાભ આપે. બજેટમાં સરકાર કૃષિ ઉપકરણો પર જીએસટી દરો ઘટાડવા અથવા વધુ સબસિડી આપવા નિર્ણય લઈ શકે છે. એનડીએ સરકાર ખેડૂતોના હિતમાં નિર્ણય આપવાની હિમાયત કરી રહી છે. આ તમામ બાબતે સરકાર હકારાત્મક રીતે કોઈ જાહેરાત કરે તેવી શક્યતા છે.

## મેટ્રો નેટવર્ક, રેલવે ક્ષમતા અને સુરક્ષા પર ભાર

દેશના સામાન્ય બજેટને હવે એક સપ્તાહથી પણ ઓછો સમય બાકી છે. નાણામંત્રી પાસેથી દરેકને ઘણી અપેક્ષાઓ છે. આ બજેટ માં રેલવે માટે પણ ઘણી વિશેષ જોગવાઈઓ કરવામાં આવી શકે છે. એવું માનવામાં આવે છે કે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે આગામી કેન્દ્રીય બજેટ માં, મુસાફરોની ક્ષમતા વધારવા અને રેલવે નેટવર્ક પર સલામતી પર વધુ ધ્યાન આપવામાં આવી શકે છે. બિઝનેસ સ્ટાન્ડર્ડ મુજબ, રેલ્વે મંત્રાલય સામાન્ય લોકો માટે વધુ સુવિધાઓ ઉભી કરીને અને નેટવર્ક વિસ્તારીને, ભીડ ઘટાડવા અને ઓપરેશનલ અકસ્માતોને ટાળીને રેલ ક્ષમતા વધારવા માટે પૂરતા ભંડોળની ફાળવણી પર વિચાર કરશે. તમને જણાવી દઈએ કે, કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે તાજેતરમાં જાહેરાત કરી હતી કે રાષ્ટ્રીય ટ્રાન્સપોર્ટર આગામી બે નાણાકીય વર્ષમાં ૧૦,૦૦૦ નોન-એસી કોચ બનાવશે.ચાલુ નાણાકીય વર્ષમાં ૫૦ અમૃત ભારત ટ્રેનો કાર્યરત છે. સહાયક લોકો પાઇલટ્સની ભરતી ત્રણ ગણી કરીને ૧૮,૦૦૦ કરવાની યોજના જાહેર કરી છે બજેટમાં મેટ્રો નેટવર્ક, નમો ભારત કોરિડોર, વંદે ભારત ટ્રેનો, હાઈ સ્પીડ કોરિડોર અને ઇકોનોમિક કોરિડોરના વિસ્તરણ માટે મૂડી ભંડોળ પૂરું પાડવાની અપેક્ષા છે જેથી સકારાત્મક ગતિ ચાલુ રહે. સલામતી અપગ્રેડ્સ પર સરકારનું સતત ધ્યાન, ખાસ કરીને ટ્રેન સુરક્ષા પ્રણાલીના નેટવર્ક-વ્યાપી અમલીકરણ, જાળવણી કામગીરીનું યાંત્રિકરણ અને પેસેન્જર સુવિધાઓના આધુનિકીકરણ,તરફ ધ્યાન અપાશે જેનાથી રોજગારીમા પણ વધારો થશે.

## ચીનના રાષ્ટ્રપતિને શી જીનપિંગને આવ્યો સ્ટ્રોક

ચીનના સોશિયલ મીડિયા પર ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને સ્ટ્રોક આવ્યો હોવાના સમાચાર અંગે ખૂબ ચર્ચા થઈ રહી છે. સોશિયલ મીડિયાની ચર્ચા મુજબ, CCP મીટિંગ દરમિયાન રાષ્ટ્રપતિ જિનપિંગને સ્ટ્રોક આવ્યો હતો. જોકે હાલમાં આ અંગે કોઈ સત્તાવાર સમર્થન નથી, પરંતુ આ વાયરલ સમાચારે હલચલ મચાવી દીધી છે. ચીનની રાજનીતિ માટે આ બેઠક ઘણી મહત્વપૂર્ણ માનવામાં આવે છે. પાંચ વર્ષમાં એક વખત યોજાતી આ બેઠકમાં ચીનની ભાવિ દિશા નક્કી કરવામાં આવે છે. આ CCP બેઠક સોમવારથી શરૂ થઈ હતી અને ગુરુવારે સમાપ્ત થવાની હતી. ચીનની અર્થવ્યવસ્થાએ છેલ્લા પાંચ ત્રિમાસિક ગાળામાં સૌથી ખરાબ પ્રદર્શન કર્યું છે અને તેના કારણે ચીનના રાષ્ટ્રપતિ પર દબાણ વધી રહ્યું છે. ૧૫મી જુલાઈએ ચીનની સરકારે બીજા ક્વાર્ટરના આંકડા જાહેર કર્યા હતા, જેમાં વિકાસ દર ૪.૭ ટકા હતો. આ આંકડા અપેક્ષા કરતા ઘણા ઓછા હતા. પ્રથમ ક્વાર્ટરમાં આ દર ૫.૩ ટકા હતો. આ ચિંતા વચ્ચે શી જિનપિંગે એક બેઠક બોલાવી છે, જેમાં ચીનની ઘટતી અર્થવ્યવસ્થા પર ચર્ચા કરવામાં આવી રહી છે. આ બેઠકને થર્ડ પ્લેનમ તરીકે ઓળખવામાં આવે છે. તેમાં દેશની આર્થિક નીતિઓ પર ચર્ચા કરવામાં આવી છે. હાલમાં ચીનની કથળતી અર્થવ્યવસ્થા તેના માટે કોઈ મોટા પડકારથી ઓછી નથી. આવી સ્થિતિમાં ચીન અર્થવ્યવસ્થાને પાટા પર લાવવા માટે તમામ શક્ય પ્રયાસો કરી રહ્યું છે. હકીકતમાં, કોરોના પછી ચીનની હાલત પહેલા કરતા ઘણી ખરાબ થઈ રહી છે. દેશમાં યુવાનોની સંખ્યા ઓછી છે અને વૃદ્ધોની સંખ્યામાં વધારો થયો છે.

## અફઘાનિસ્તાનમાં તોફાનને કારણે ૩૫ લોકોના મોત,૪૦૦ મકાનો ધરાશાયી

અફઘાનિસ્તાનમાં ભારે વરસાદ અને કરા સાથે આવેલા તોફાનના કારણે ૩૫ લોકોએ જીવ ગુમાવ્યા જ્યારે ૨૩૦ લોકો ઘાયલ થયા. ખામા પ્રેસના અહેવાલો અનુસાર, નાંગરહાર પ્રાંતના જલાલાબાદ શહેર અને આસપાસના વિસ્તારોમાં ૪૦૦ થી વધુ મકાનો નાશ પામ્યા છે. માહિતી અને સાંસ્કૃતિક વિભાગે સોમવારે નાંગરહારના કેટલાક જિલ્લાઓમાં જાનમાલના નુકસાનની પુષ્ટિ કરી હતી. માહિતી આપતાં સરકારે કહ્યું કે કુદરતી આફત બાદ અસરગ્રસ્ત સમુદાયોના પુનર્વસન માટે જરૂરી સહાય પૂરી પાડવા માટે કાર્યવાહી કરવામાં આવી રહી છે. અતિવૃષ્ટિ અને અતિવૃષ્ટિને કારણે થયેલા વિનાશથી પ્રભાવિત લોકોની વેદનાને દૂર કરવા અને ક્ષતિગ્રસ્ત માળખાકીય સુવિધાઓને પુનઃસ્થાપિત કરવા માટે નક્કર રાહત પગલાં લેવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પ્રારંભિક અહેવાલો અનુસાર અંદાજે ચારસો ઘરો ધરાશાયી થયા છે. જેના કારણે રહેવાસીઓ અને ધંધાર્થીઓને મોટું આર્થિક નુકસાન થયું છે. જો કે મીડિયા રિપોર્ટ્સ અનુસાર આ આંકડો હજુ વધી શકે છે. અફઘાન મીડિયાના જણાવ્યા અનુસાર, અધિકારીઓ એ સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે કે દરેક જરૂરિયાતમંદને તેમને જરૂરી સહાય મળે. બચાવ અને પુનઃપ્રાપ્તિના પ્રયાસો ચાલુ છે, અને અસરગ્રસ્ત પરિવારો અને સમુદાયો માટે એકતા અને સમર્થન પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. માહિતી આપતાં સરકારે કહ્યું કે નાંગરહાર પ્રાંતમાં થયેલા વિનાશએ એ પણ દર્શાવ્યું છે કે આપણે કુદરતી આફતોનો સામનો કરવા માટે કેટલા સંવેદનશીલ છીએ અને તેની અસરને ઘટાડવા માટે આપણે કેવી રીતે તાત્કાલિક કામ કરી શકીએ છીએ.

## ટ્રમ્પ પર હુમલા પછી સુરક્ષા વધારે

અમેરિકામાં રાષ્ટ્રપતિ ચૂંટણી પ્રચાર દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પ પર થયેલા હુમલાને ઈરાન સાથે જોડીને એક નવી થિયરી ઉભરી રહી છે. પૂર્વ રાષ્ટ્રપતિને બટલર, પેન્સિલવેનિયામાં એક ચૂંટણી રેલી દરમિયાન તેમના કાન પાસે ગોળીઓ વાગી હતી અને તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હવે એક તરફ ચર્ચા ચાલી રહી છે કે આ હુમલો ઈરાન દ્વારા કરવામાં આવ્યો છે અને આ હુમલો ઈરાની જનરલ કાસિમ સુલેમાનીની હત્યાનો બદલો લેવા માટે કરવામાં આવ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે સીએનએનને ગુપ્તચર સૂત્રો પાસેથી સમાચાર મળ્યા છે કે ઈરાન પૂર્વ રાષ્ટ્રપતિની હત્યા કરવા માંગે છે. હવે ડોનાલ્ડ ટ્રમ્પની આસપાસ સુરક્ષા વધારી દેવામાં આવી છે. અહેવાલો અનુસાર, યુએસ અધિકારીઓને તાજેતરના અઠવાડિયામાં ઈરાન ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને રિપબ્લિકન ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પની હત્યાનું કાવતરું ઘડવાની ગુપ્ત માહિતી પ્રાપ્ત કરી છે.રિપોર્ટ માં કહેવામાં આવ્યું છે કે આ વિકાસને કારણે સિક્રેટ સર્વિસે ટ્રમ્પની આસપાસ સુરક્ષા વધારી દીધી છે. જો કે, એવા કોઈ સંકેત નથી કે ૨૦ વર્ષીય થોમસ મેથ્યુ ક્રૂક્સ, જેણે ૧૩ જુલાઈએ પેન્સિલવેનિયા રેલી દરમિયાન ટ્રમ્પની હત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો, તેનો ઈરાની કાવતરા સાથે કોઈ સંબંધ હતો. ઈરાને તેના પર લાગેલા આરોપો ને પાયાવિહોણા અને દૂષિત ગણાવીને નકારી કાઢ્યા હતા. સંયુક્ત રાષ્ટ્રમાં ઈરાનના સ્થાયી મિશનના પ્રવક્તાએ સીએનએનને જણાવ્યું કે, "ઈરાનના ઈસ્લામિક રિપબ્લિકના પરિપ્રેક્ષ્યમાં, ટ્રમ્પ એક ગુનેગાર છે જેની પર જનરલ સુલેમાનીની હત્યાના આદેશ માટે કાયદાની અદાલતમાં કાર્યવાહી કરવી જોઈએ અને સજા થવી જોઈએ."

# મહારાષ્ટ્રમાં બેરોજગારીનુ વરવુ ચિત્ર : પણ હવે સરકાર લાવી લાડલા ભાઈ યોજના

**ગુજરાતમાં જે રીતે તાજેતરમાં એક નોકરી દરમ્યાન સામે આવેલા દ્રશ્યોએ અનેક સવાલો ઉભા કર્યા હતા તે જ રીતે મહારાષ્ટ્રમાં પણ બેરોજગારી કેટલી છે તેનો એક કિસ્સો સામે આવ્યો છે. એર ઈન્ડિયાની ૬૦૦ પોસ્ટ માટે ૨૫૦૦૦ લોકો ઈન્ટરવ્યુ માટે ઉમટ્યાં હતા જેને મુંબઈ એરપોર્ટ પર નાસભાગ જેવી સ્થિતિ સર્જાઇ હતી જો કે સરકારે હવે પૂરૂષો માટે પણ યોજનાની જાહેરાત કરી છે**

મુંબઈ, તા.૧૭

આમતો સમગ્ર દેશમાં બેરોજગારી એક મોટો મુદ્દો છે પરંતુ મહારાષ્ટ્રમાં ખાનગી કંપનીમાં નોકરી માટે જે રીતે દ્રશ્યો સર્જાયા તે રીતે બેરોજગાર યુવાનોની સંખ્યા ભારે હોવાનુ ચિત્ર ઉપસી રહ્યુ છે.મુંબઈ એરપોર્ટ પર એર ઈન્ડિયા દ્વારા 'એરપોર્ટ લોડર' માટે ભરતી દરમ્યાન નાસભાગ જેવી સ્થિતિ પેદા થઈ હતી. ૬૦૦ પોસ્ટ માટે ૨૫,૦૦૦થી વધુ અરજદારો આવ્યા અને એર ઈન્ડિયાના કર્મચારીઓને ભીડને સંભાળવામાં ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. કંપનીએ જણાવ્યું કે લગભગ ૨૫,૦૦૦ લોકો ઈન્ટરવ્યૂ માટે આવ્યા હતા, નોકરી મેળવવાનો ધસારો કાબૂ બહાર ગયો. આ પછી કંપનીએ લોકોને તેમના સીવી સબમિટ કરવા અને ત્યાંથી જવાનું કહ્યું.એરપોર્ટ લોડર્સને એરક્રાફ્ટ લોડિંગ-અનલોડિંગ, બેગેજ બેલ્ટ અને રેમ્પ ટ્રેક્ટર ચલાવવાનું કામ સોંપવામાં આવે છે. દરેક એરક્રાફ્ટને સામાન, કાર્ગો અને ખાદ્યપદાર્થોના પુરવઠાને હેન્ડલ કરવા માટે ઓછામાં ઓછા પાંચ લોડર્સની જરૂર પડે છે.થોડાક દિવસો પહેલા ગુજરાતમાં પણ આવી જ સ્થિતિ સામે આવી હતી. ગુજરાત ના ભરૂચ જિલ્લાના અંકલેશ્વરમાં ૪૦ પદ પર ભરતી બહાર પાડવામાં આવી હતી. જેમાં વૉક-ઈન ઈન્ટરવ્યૂ માટે ૮૦૦ લોકો પહોંચ્યા હતા, તે સમયે પણ ભયંકર નાસભાગ મચી હતી. ત્યારે હવે મહારાષ્ટ્રના દ્રશ્યો પણ વિચલીત કરે તેવા છે. એરપોર્ટ લોડરનો પગાર દર મહિને રૂ. ૨૦,૦૦૦ થી રૂ. ૨૫,૦૦૦ ની વચ્ચે હોય છે, પરંતુ મોટાભાગના લોકો ઓવરટાઈમ ભથ્થા પછી રૂ. ૩૦,૦૦૦ કરતાં વધુ કમાય છે.તેમ છંતા આ નોકરી માટે મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા જે દર્શાવે છે કે મહારાષ્ટ્રમાં પણ બેરોજગારી મુદ્દો છે.

### અને સરકારે લાડલા ભાઈ યોજના જાહેર કરી

જો કે મહારાષ્ટ્રમાં નોકરી માટે ભાગદોડ વચ્ચે સરકારે નોકરી તો નહી પરંતુ બેરોજગાર યુવાનોને રાહત મળે તેવી જાહેરાત કરી છે. મધ્ય પ્રદેશમાં જે રીતે લાડલી બહેન યોજનાએ ધૂમ મચાવી અને તે યોજના મહારાષ્ટ્રમાં પણ મહિલાઓ માટે લાવવામાં આવી ત્યારે વિપક્ષ નેતા ઉદ્ધવ ઠાકરેએ સરકાર પર બેરોજગાર પુરુષો પર ધ્યાન ન આપતા હોવાનો મુદ્દો ઉછાળીને સરકારને ઘેરી હતી. હવે મહારાષ્ટ્રમાં બેરોજગાર યુવાઓને દર મહિને બેરોજગારી ભથ્થું આપશે. મુખ્યમંત્રી એકનાથ શિંદેએ હવે 'લાડલા ભાઈ યોજના'ની જાહેરાત કરી છે. જે હેઠળ બેરોજગાર યુવાઓને દર મહિને એક નિશ્ચિત રકમનું ભથ્થું મળશે. આ ભથ્થું એજ્યુકેશન પ્રમાણે આપવામાંઆવશે.મુખ્યમંત્રીએકનાથશિંદેએઆવાતનીજાણકારીઅષાઢીએકાદશીના અવસરે પંઢરપુરના વિઠ્ઠલ મંદિરમાં મહાપૂજા બાદ કરી. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ જણાવ્યું કે ૧૨મુ પાસ બેરોજગાર યુવાને દર મહિને ૬ હજાર રૂપિયા આપવામાં આવશે. જ્યારે ડિપ્લોમાધારક યુવાને દર મહિને ૮૦૦૦ રૂપિયા આપવામાં આવશે અને ગ્રેજ્યુએટ બેરોજગારોને દર મહિને ૧૦,૦૦૦ રૂપિયા નું ભથ્થું આપવામાં આવશે. મહારાષ્ટ્રમાં આ ચૂંટણીનું વર્ષ છે. આ વર્ષે ઓક્ટોબર કે નવેમ્બરમાં વિધાનસભા ચૂંટણી આવી શકે છે. હાલની સરકારનો કાર્યકાળ ૨૬ નવેમ્બર ૨૦૨૪ના રોજ પૂરો થઈ ર હ્યો છે. તે પહેલા જ વિધાનસભા ચૂંટણી થવાની છે. આવામાં મુખ્યમંત્રી એકનાથ શિંદેની આ જાહેરાત ચુંટણી લક્ષી લાગી રહી છે.

## નોકરીએ કર્ણાટકમાં પણ ભારે કરી

જે રીતે દેશમાં બેરોજગારી એક મુદ્દો બની રહી છે તે વચ્ચે અનેક કિસ્સાઓ રોજગારીને લઈને સામે આવી રહ્યા છે. કર્ણાટકમાં સ્થાનિક લોકો માટે પ્રાઈવેટ નોકરીઓમાં ૧૦૦ ટકા અનામતની જોગવાઈ કરીને સિદ્ધારમૈયા સરકાર ફસાઈ હતી. આ જાહેરાતે સરકાર માટે મુશ્કેલી સર્જી હતી. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ ગઈકાલે આ નિર્ણય અંગે એક પોસ્ટ મુકી હતી પરંતુ વિવાદ થતા આ પોસ્ટને તેમણે ડિલિટ કરી હતી.આ બાબતે સરકારે પણ સ્પષ્ટતા કરી છે. શ્રમ મંત્રીએ સ્પષ્ટતા કરતા કહ્યું કે ખાનગી નોકરીઓમાં સ્થાનિકો લોકો માટે ૫૦ ટકા અને ૭૦ ટકા ક્વોટા હશે. આ સિવાય રાજ્ય સરકારે ખાનગી કંપનીઓમાં સી અને ડી ગ્રેડની પોસ્ટ્સ પર ૧૦૦ ટકા કન્નડ લોકોની નિમણૂંક કરવાનું ફરજિયાત બનાવવાના બિલને પણ મંજૂરી આપી છે. બાયોકોન લિમિટેડના ચેરપર્સન કિરણ મઝુમદાર શૉએ બુધવારે જણાવ્યું હતું કે ખાનગી કંપનીઓમાં કન્નડીગા માટે આરક્ષણ ફરજિયાત કરવાના કર્ણાટક સરકારના નિર્ણયમાંથી ઉચ્ચ-કુશળ ભરતીને બહાર રાખવી જોઈએ.જો કે વિવાદ થયા બાદ આ પોસ્ટ ડીલીટ કરવી પડી હતી જો કે રોજગારી આપવા મુદ્દે સરકારને કરવી પડેલી પીછેહટ અને અનામતની જાહેરાત દર્શાવે છે કે કર્ણાટકમાં પણ બેરોજગારીનો મુદ્દો ગંભીર છે. આમ એકજ દિવસમાં કર્ણાટકમાં પ્રાઈવેટ કંપનીઓમાં સ્થાનિક લોકોને અનામત આપવાના નિર્ણય પર રોક લગાવી દેવામાં આવી છે. કર્ણાટક સરકાર હવે નિર્ણય પર પુનર્વિચાર કરશે. રાજ્યના મુખ્યમંત્રીએ કહ્યું હતું, કે 'અમારી સરકારની ઈચ્છા છે કે કન્નડ લોકોને પોતાની જમીન પર આરામદાયક જીવન જીવવાનો અવસર મળે. અમારી સરકાર કન્નડ લોકોને સમર્થક સરકાર છે. અમારી પ્રાથમિકતા કન્નડ લોકોનું કલ્યાણ કરવાની છે.'કર્ણાટક સરકારના આ નિર્ણય પર ચારે તરફથી ભારે વિરોધ થયો હતો. મોટી કંપનીઓ દ્વારા પણ સરકાર પર આ નિર્ણય રદ કરવાનું દબાણ થયું હોવાનું માનવામાં આવી રહ્યું છે. જો કે બાદમાં સરકારે યુ ટર્ન લઈ તેમાં ફેરફાર કર્યો છે.

## દિલ્હી- હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં એકલા ચલો રેની નીતિ : ભારત ગઠબંધન

નવીદિલ્હી, તા.૧૭

દિલ્હી અને હરિયાણામાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. હરિયાણામાં આ વર્ષના અંતમાં ચૂંટણી યોજાશે, જ્યારે આગામી વર્ષની શરૂઆતમાં રાષ્ટ્રીય રાજધાનીમાં મતદાન થશે. આ બંને રાજ્યોમાં ભારતીય ગઠબંધન એકલા ચલો રેની નીતિને અનુસરવાના માર્ગ પર છે. કારણ કે મહાગઠબંધનની બે મોટી પાર્ટીઓ કોંગ્રેસ અને આપ આ રાજ્યોમાં પોતાને મજબૂત સ્થિતિમાં જુએ છે.

લોકસભા ચૂંટણીમાં આપ અને કોંગ્રેસ બંને રાજ્યોમાં સાથે મળીને ચૂંટણી લડ્યા હતા. બંને પક્ષોએ દિલ્હીમાં ૪-૩ અને હરિયાણામાં ૯-૧ની સીટ શેરિંગ ફોર્મ્યુલા હેઠળ પોતાનું નસીબ અજમાવ્યું. દિલ્હીમાં બંને પક્ષો એક પણ બેઠક જીતવામાં સફળ થઈ શક્યા નથી. પરંતુ હરિયાણામાં કોંગ્રેસની તાકાત પર ઈન્ડિયા એલાયન્સને આનંદ કરવાનો મોકો મળ્યો. અહીં કોંગ્રેસે ૫ બેઠકો જીતી હતી.

હરિયાણામાં લોકસભાની ૧૦ બેઠકો છે. જેમાંથી ૫ કોંગ્રેસે જીતી હતી. આ પ્રદર્શન બાદ કોંગ્રેસનો ઉત્સાહ ઊંચો છે. આ જ કારણ છે કે પાર્ટીના નેતાઓને વિધાનસભાની ચૂંટણીમાં જીતની આશા છે અને તે પણ પોતાના દમ પર. પાર્ટીએ સ્પષ્ટ કર્યું છે કે તે અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટી સાથે ગઠબંધન નહીં કરે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે કહ્યું કે પંજાબમાં લોકસભાની ચૂંટણી અમે એકલા હાથે લડ્યા હતા. અમે હરિયાણામાં આપને એક સીટ આપી હતી, પરંતુ મને નથી લાગતું કે વિધાનસભા ચૂંટણીમાં ગઠબંધન થશે. તેમણે કહ્યું કે આપએ પોતે કહ્યું છે કે દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં પણ ગઠબંધન નહીં થાય.

# ગાઝામાં ઈઝરાયેલે ફરી તબાહી મચાવી, હવાઈ હુમલામાં ૬૦થી વધુ મોત

**હુમલાથી ભૂમધ્ય સમુદ્રના કિનારે લગભગ ૬૦ ચોરસ કિલોમીટરના અંતરે આવેલા સલામત ક્ષેત્રને અસર થઈ છે**

નવી દિલ્હી, તા.૧૭

મંગળવારે રાત્રે દક્ષિણ અને મધ્ય ગાઝામાં ઈઝરાયેલના હવાઈ હુમલામાં ૬૦ થી વધુ પેલેસ્ટાઈનીઓ માર્યા ગયા હતા. આ સિવાય ઈઝરાયેલ દ્વારા જાહેર કરાયેલા સુરક્ષિત વિસ્તાર પર પણ હુમલો કરવામાં આવ્યો છે. પેલેસ્ટાઈનના સ્વાસ્થ્ય વિભાગના અધિકારીઓએ ઈઝરાયેલના હુમલા અંગે માહિતી આપી છે.પેલેસ્ટિનિયન ઈસ્લામિક આતંકવાદી જૂથ હમાસે ઈઝરાયલ પર આરબ મધ્યસ્થી અને યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા મધ્યસ્થી કરાયેલા યુદ્ધવિરામ કરારને પાટા પરથી ઉતારવા ગાઝામાં હુમલાઓ તીવ્ર બનાવવાનો આરોપ મૂક્યો છે. જ્યારે ઈઝરાયેલનું કહેવું છે કે તે હમાસના આતંક વાદીઓને જડમૂળથી ખતમ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.પેલેસ્ટાઈનના સ્વાસ્થ્ય અધિકારીઓએ દાવો કર્યો છે કે ગાઝામાં ઈઝરાયેલના હુમલામાં ઓછામાં ઓછા ૬૦ લોકોના મોત થયા છે. આ વખતે ઈઝરાયેલના હુમલાથી ભૂમધ્ય સમુદ્રના કિનારે લગભગ ૬૦ ચોરસ કિલોમીટરના અંતરે આવેલા સલામત ક્ષેત્રને અસર થઈ છે. જ્યાં ઈઝરાયલના કહેવા પર પેલેસ્ટાઈનીઓએ આશરો લીધો હતો.ખાન યુનિસ નાસિર હોસ્પિટલ ના અધિકારીઓએ જણાવ્યું હતું કે મંગળવારે સૌથી ઘાતક હુમલો તે વિસ્તારની મધ્યમાં આવેલા દક્ષિણ શહેર મુવાસીમાં ખાન યુનિસના બજારની દુકાનો પર થયો હતો. તેમજ રાહત શિબિરો શરણાર્થીઓથી ભરેલી હતી. આ હુમલામાં ૧૭ લોકોના મોત થયા હતા.ઈઝરાયેલ કહે છે કે તે હમાસના આતંકવાદીઓનો પીછો કરી રહ્યું છે જેઓ હુમલા બાદ ભૂગર્ભ ટનલ નેટવર્કને જડમૂળથી ઉખેડીને નાગરિકોની વચ્ચે છુપાયેલા છે. આ હુમલાનો ઉલ્લેખ કરતાં ઈઝરાયેલી સેનાએ એક નિવેદનમાં કહ્યું કે તેણે ખાન યુનિસના પશ્ચિમમાં ઈસ્લામિક જેહાદના નૌકાદળના એકમના કમાન્ડરને નિશાન બનાવ્યું. તેણીએ કહ્યું કે તે એવા અહેવાલો પર વિચાર કરી રહી છે કે નાગરિકો મૃત્યુ પામ્યા છે.ઈઝરાયેલે શનિવારે હમાસના ટોચના લશ્કરી કમાન્ડર મોહમ્મદ ડેઈફ પર હુમલો કર્યો હતો. ગાઝાના આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, તે વિસ્ફોટમાં ૯૦ થી વધુ પેલેસ્ટિનિયન માર્યા ગયા હતા. જેમાં બાળકોનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. હજુ સુધી એ જાણી શકાયું નથી કે બહેરાની હત્યા થઈ છે કે નહીં.ત્યારે ઈઝરાયેલે તાજેતરનો હુમલો કર્યો છે. જ્યારે હમસા અને ઈઝરાયેલ વચ્ચે યુદ્ધવિરામ પ્રસ્તાવ પર વિચાર કરવામાં આવી રહ્યો છે. તેના પર હમાસે કહ્યું કે નવ મહિનાથી ચાલેલા યુદ્ધને સમાપ્ત કરવા માટે વાતચીત ચાલુ રહેશે, ભલે ઇઝરાયેલ મોહમ્મદ ડેઈફને નિશાન બનાવે. ઘણા આંતરરાષ્ટ્રીય મધ્યસ્થીઓ ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના કરારની દલાલી કરીને અને ગાઝામાં આતંકવાદી જૂથ દ્વારા બંધક બનેલા લગભગ ૧૨૦ ઈઝરાયેલી નાગરિકોને મુક્ત કરવાનો પ્રયાસ કરીને લડાઈને રોકવાનો પ્રયાસ કરી રહ્યા છે.સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૭ ઓક્ટોબરે ઈઝરાયેલ અને હમાસના હુમલાથી શરૂ થયેલા યુદ્ધમાં ગાઝા યુદ્ધ ક્ષેત્રમાં ૩૮,૬૦૦થી વધુ લોકો માર્યા ગયા છે. યુદ્ધને કારણે દરિયાકાંઠાના પેલેસ્ટિનિયન પ્રદેશોમાં માનવતાવાદી વિનાશ સર્જાયો છે, તેની મોટાભાગની ૨.૩ મિલિયન વસ્તીને વિસ્થાપિત કરી છે અને આ વિસ્તારમાં દુષ્કાળ સર્જાયો છે.હમાસના ઓક્ટોબર હુમલામાં ૧,૨૦૦ લોકો માર્યા ગયા, જેમાં મોટાભાગે નાગરિકો હતા અને આતંકવાદીઓએ લગભગ ૨૫૦ને બંધક બનાવ્યા હતા.

## ઓમાનમાં ડૂબેલા જહાજના ૯ ક્રૂ મેમ્બરોનો બચાવ,૭ લાપતા

ઓમાન , તા.૧૭

ઓમાનના દરિયાકાંઠે એક મોટી દુર્ઘટના ઘટી હોવાના સમાચાર સામે આવ્યા છે. ત્યાં એક ઓઈલ ટેક્કર પલટી જતાં ૧૩ ભારતીયો સહિત ૧૬ ક્રુ મેમ્બર્સ ગૂમ થઈ ગયા છે. હજુ સુધી તેમનો કોઈ પત્તો નથી લાગ્યો. જહાજમાં ત્રણ શ્રીલંકા ના ક્રૂ મેમ્બર પણ સામેલ હતા. જો કે તમામને બચાવવા માટે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. સમુદ્રી સુરક્ષા કેન્દ્રએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટ કરતા જણાવ્યું કે, કોમોરોસના ધ્વજ વાળું ઓઈલ ટેક્કર દુકમના બંદર પાસે રાસ મદ્રાકાથી થોડા માઈલ દક્ષિણ પૂર્વમાં પલટી ગયું હતું. આ જહાજની ઓળખ પ્રેસ્ટીજ ફાલ્કન તરીકે થઈ છે. દુકમના ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં આ એક પ્રમુખ ઓઈલ રિફાઈનરી પણ છે.

સ્જીઝએ જણાવ્યું કે જહાજના ક્રૂ મેમ્બર હજુ પણ ગૂમ છે. તેમની સતત શોધખોળ ચાલુ છે. તેમાં એક પ્રમુખ ઓઈલ રિફાઈનરી પણ સામેલથાય છે, જે આ શહેરના વિશાળ ઔદ્યોગિક વિસ્તારનો એક ભાગ પણ છે. આ ઓમાનનો સૌથી મોટો એકલ આર્થિક પ્રોજેક્ટ છે. દુકમ બંદર ઓમાનના દક્ષિણ-પશ્ચિમ કિનારે સ્થિત છે, જે સલ્તનતની પ્રમુખ ઓઈલ અને ગેસ ખાણકામ પ્રોજેક્ટ્સની ખૂબ નજીક છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે ઓઈલ ટેક્કર યમનના બંદર શહેર અદન તરફ જઈ રહ્યું હતું. ઓઈલ ટેક્કર પાણીમાં ડૂબીને ઊંધુ પડ્યું છે. શિપિંગ ડેટાના આંકડા પ્રમાણે આ જહાજનું નિર્માણ ૨૦૦૭માં કરવામાં આવ્યું હતું. આ જહાજ ૧૧૭ મીટર લાંબુ છે. એવું કહેવાય છે કે આવા નાના ટેક્કરોનો ઉપયોગ સામાન્ય રીતે નાની યાત્રા માટે કરવામાં આવે છે.

# આજનું રાશિફળ

**મેષ :**
આજના દિવસે તમારી પીવાની આદતથી મુક્ત થવા માટે આજે ખૂબ જ શુકનવંતો દિવસ છે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. બાળકો રમતગમત તથા બહારની અન્ય પ્રવૃત્તિઓમાં વધુ સમય વેડફશે. તમારો પ્રણય સાથીદાર તમારી ખુશામત કરશે-આ એકલવાયા વિશ્વમાં મને એકલો-એકલી ન મુકતા. તમારા પ્રયાસ માટે લોકો કામના સ્થળે તમારી નોંધ લેશે. આ રાશિ ના લોકોએ આજે ??પોતાને માટે સમય લેવા ની જરૂર છે, જો તમે આ નહીં કરો તો તમને માનસિક મુશ્કેલીઓ આવી શકે છે.

**વૃષભ :**
આજના દિવસે તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. ઘરમાં કોઈક વિધી કરાવશો. તમારા પ્રેમી કે પ્રેમિકા પ્રત્યે બદલાની ભાવના તમને કાઈ જ પરિણામ નહીં આપે-એના કરતાં તમારે મગજ શાંત રાખી તમારી લાગણીઓ તમારા પ્રેમી કે પ્રેમિકાને જણાવવી જોઈએ. તમારા ધ્યેયની દિશામાં શાંતિપૂર્વક કામ કરો અને તમે સફળતા સુધી ન પહોંચો ત્યાં સુધી તમારો હેતુ છતો ન કરો. આજે હવામાન નો મૂડ એવો રહેશે કે તમે પથારી માં થી ઉભા થઈ શકશો નહીં.

**મિથુન :**
આજના દિવસે પત્નીના કામકાજમાં ચંચૂપાત કરશો નહીં, કેમ કે તેનાથી તમે તેનો ગુસ્સો નોતરશો.તમારા કામથી કામ રાખો એ જ સારૂં છે. હસ્તક્ષેપ જેટલો ઓછો એટલું સારૂં અન્યથા તેનાથી પરાધીનતા આવી શકે છે. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ-તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ જેઓ કશુંક નવું કરવામાં માને છે તથા સારા અનુભવોને યાદ રાખો. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે. તેમનો રસ જળવાઈ રહે તે માટે પ્રેમનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરો અને બિનજરૂરી તાણ ટાળો.યાદ રાખો પ્રેમ જ પ્રેમને ખેંચે છે. તમે વાસ્તવિક્તા સાથે મુકાબલો કરશો તેથી તમારે તમારા પ્રિયપાત્રને ભૂલી જવું પડશે. વ્યાવસાયમાં તમારી માસ્ટરીની કસોટી થશે. ધાર્યા પરિણામો આપવા માટે તમારે તમારા પ્રયાસોને કેન્દ્રિત કરવાની જરૂર છે.

**કર્ક :**
આજના દિવસે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો? આજે તમે જે સામાજિક મેળાવડામાં સહભાગી થવાના છો તેમાં તમે આકર્ષણનું કેન્દ્ર હશો. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો. જો કે તમારો સાથી સમજણ બતાવી ને તમને શાંત કરશે. પ્રવાસન ક્ષેત્ર તમને આકર્ષક કારકિર્દી આપી શકે છે. તમારી મહત્વાકાંક્ષાને ઓળખી તેની માટે સખત મહેનત કરવાનો સમય. સફળતા તત્પરાપૂર્વક તમારી રાહ જોઈ રહી છે.

**સિંહ :**
આજના દિવસે ધૂમ્રપાન છોડો કેમ કે એનાથી તમે શારીરિક રીતે સ્વસ્થ રહેશો. કેટલાક બાકી રહેલા મુદ્દા વધુ ઘેરા બનશે તથા ખર્ચનો મુદ્દો તમારા મગજમાં ઘુમરાયા કરશે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો. કોઈકની દખલને કારણે તમારા પ્રિયપાત્ર સાથેના તમારા સંબંધો વણસી શકે છે. આજે તમારા મગજમાં આવતા નાણાં બનાવવાની યોજનાનો લાભ લો. જો તમે તમારા ઘર ની બહાર રહો છો અને અભ્યાસ કરો છો અથવા નોકરી કરો છો, તો આજે તમે તમારા પરિવાર ના સભ્યો સાથે ફ્રી ટાઇમ માં વાત કરી શકો છો. તમે ઘરે થી કોઈ સમાચાર સાંભળી ને ભાવનાત્મક પણ થઈ શકો છો.

**કન્યા :**
આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. આજે રૉમાન્?સ માટે ગૂંચવણભર્યું જીવન છોડો. તમારી કાર્યકુશળતા વધારવા માટે નવી પદ્ધતિનો સ્વીકાર કરો-તમારી શૈલી અને કામ કરવાની નવી રીતો તમને નિકટથી જોનારા લોકોમાં રસ જગાડશે. ચંદ્રમા ની સ્થિતિ ને જોતા, એમ કહી શકાય કે આજે તમારી પાસે ખુબ મફત સમય રહેશે, પરંતુ તે પછી પણ તમે જે કામ કરવા નું હતું તે કરી શકશો નહીં.

**તુલા :**
આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણ પણે તમારો સાથ આપશે? નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. તમારી સામે કોઈ આજે પ્રેમનો પ્રસ્તાવ મૂકે એવી શક્યતા છે. તમે જે હંમેશાં કરવા માગતા હતા એ કામ કરવાની તક તમને આજે મળી શકે છે. ખાલી સમય માં આજે તમે પોતાના મોબાઈલ ઉપર કોઈ વેબ સિરીઝ જોઈ શકો છો. આજે લગ્ન તમારા જીવનના શ્રેષ્ઠ તબક્કે પહોંચશે.

**વૃશ્ચિક :**
આજના દિવસે મુશ્કેલીઓ પર નિવાસ કરવાની તથા તેને એનેકગણી વધારવાની તમારી ટેવ તમારા નૈતિક તંતુને નબળો પાડી શકે છે. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. પોતાની જાત પર દયા ખાવામાં સમય વેડફશો નહીં, એના કરતાં જીવનના પાઠ શીખવાનો પ્રયાસ કરજો. પ્રેમમાં નિરાશા તમને નાસીપાસ કરશે. આજે તમને કામના સ્થળે એ જાણવા મળી શકે છે કે જેને તમે તમારો દુશ્મન ગણતા હતા એ ખરેખર તો તમારો શુભચિંતક છે. આ રાશિ ના વયસ્ક લોકો મફત સમય માં આજે તેમના જૂના મિત્રો ને મળવા જઈ શકે છે. તમારો મિજાજ બગડેલો હોવાથી તમે તમારા જીવનસાથીથી ચીડાયેલા રહેશો.

**ધન :**
આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ- તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ જેઓ કશુંક નવું કરવામાં માને છે તથા સારા અનુભવોને યાદ રાખો. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ. રૉમાન્સમાં ઓટ આવશે અને તમારી મોંઘી ભેટ-સોગાદો પણ આજે જાદુ નહીં સર્જી શકે. કામના સ્થળે આજે પરિસ્થિતિ તમારી તરફેણમાં જણાય છે. કોઈ પણ સંજોગો માં, તમારે તમારા સમય ની કાળજી લેવી જોઈએ. યાદ રાખો, જો તમે સમય ની કદર ન કરો તો તે ફક્ત તમને નુકસાન કરશે. તમારા જીવનસાથી તમારી યોજના અથવા પ્રોજેક્ટમાં ખલેલ પાડી શકે છે, તમારી ધીરજ ખોતા નહીં.

**મકર :**
આજના દિવસે સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ બેચેની લાવી શકે છે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? દૂરનાં કોઈ સગાં તરફથી અણધાર્યો સંદેશ આખા પરિવાર માટે ઉત્સાહ લાવશે. તમારો પ્રણય સાથીદાર તમારી ખુશામત કરશે-આ એકલવાયા વિશ્વમાં મને એકલો-એકલી ન મુકતા. બિઝનેસમેન્સ માટે સારો દિવસ. બિઝનેસ માટે એકાએક હાથ ધરાયેલો પ્રવાસ હકારાત્મક પરિણામ લાવશે. આજના દિવસે હાથમાં લેવાયેલું બાંધકામ તમારા સંતોષ મુજબ પૂરૂં થશે. આજનો દિવસ તમારા લગ્નજીવન માટે ખરેખર મહત્વનો છે. તમે તમારા જીવનસાથીને કેટલો પ્રેમ કરો છો તેની જાણ તેને થવા દો.

**કુંભ :**
આજના દિવસે આનંદમય દિવસ માટે માનસિક તાણ અને તણાવ ટાળો. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. આજે ઘરના કેટલાક સંવેદનશીલ મુદ્દા ઉકેલવા તમારે તમારૂં બુદ્ધિચાર્તુય તથા ધાક અજમાવવાની જરૂર પડશે. તમારા પ્રિયપાત્ર સાથે કૅન્ડીફ્લૉસ તથા ટૉફી શૅર કરશો એવી શક્યતા જોવાય છે. આજે તમને સમજાશે કે પરિવારના ટેકાને કારણે જ તમે કામના સ્થળે સારૂં કરી રહ્યા છો. તમારે જે સંબંધો ને મહત્ત્વ આપ્યું છે તેને સમય આપવા નું શીખવું પડશે, નહીં તો સંબંધ તૂટી શકે છે. એવું જણાય છે કે તમને તમારા જીવનસાથી તરફથી વિશેષ ધ્યાન મળશે.

**મીન :**
આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. બાળકો તથા પરિવાર પર આજે તમારૂં ધ્યન કેન્દ્રિત રહેશે. પ્રિયપાત્રની નફરત છતાં તમારે તમારો પ્રેમ દેખાડવો જોઈએ. કાનું ટૅન્શને તમારા મગજને હજી પણ ઘેરો ઘાલ્યો છે જેને કારણે તમારી પાસે પરિવાર તથા મિત્રો માટે સમય નથી. આજે, રાત્રે, તમારે ઘર ના લોકો થી દૂર થવું અને તમારા ઘર ની છત અથવા પાર્ક પર ચાલવું ગમશે. આજે તમારા જીવનસાથી તમને તેમની બહુ સારી ન કહેવાય એવી બાજુ દેખાડશે.

### સેપ્ટ યુનિવર્સિટી (અમદાવાદ), નગરપાલિકા અને પંચાયતોના સહકારથી તા.૨૦,૨૧ જુલાઈના ''જળ સંરક્ષણ મેલા''નું વિશાળ આયોજન

# આવનારી પેઢીને જળ સંક્ટથી બચાવવા ગાંધીધામ ચેમ્બરના પ્રયાસ

ગાંધીધામ તા.૧૭

ભારત જેવો વિશાળ વસ્તી અને ભૂમિ ધરાવતો દેશ ક્યાંક અતિવૃષ્ટિ તો ક્યાંક તેનાથી વિપરિત પરિસ્થિતિનો સામનો કરી રહયો છે, ત્યારે ભાવિ આયોજનના ભાગરૂપે આવનારી પેઢીને જળ સંક્ટનો સામનો કરવો ન પડે તે ઉદ્દેશ્ય સાથે ગાંધીધામ ચેમ્બર ધ્વારા સેપ્ટ યુનિવર્સિટી(અમદાવાદ) તેમજ નગરપાલિકા અને ગ્રામ પંચાયતોને સાથે રાખી આગામી તા. ૨૦-૨૧ જુલાઇ, શનિ-રવિવારના બે દિવસીય જળ સંરક્ષણ અને જલ સંગ્રહ મેળાનું આયોજન કરાયું છે, જેમાં ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી,નગરપાલિકાના પ્રમુખ તેજસ શેઠની વિશેષ ઉપસ્થિતિ રહેશે.

આયોજનની વિગતો આપતાં ચેમ્બર પ્રમુખ મહેશ પુંજ એ જણાવ્યું હતું કે, વસ્તી વૃધ્ધિ, શહેરીણ, ઉધોગો અને કૃષિમાં પાણીના વધતા વપરાશને કારણે પાણીની માંગ સતત વધી રહી છે. વધુમાં જળવાયુ પરિવર્તનના કારણે ચોમાસામાં અનિયમિતતા અને વધારા-ઘટાડા સાથે ભૂગર્ભ જળની ઉપલબ્ધતા પણ વધુ ઓછી થઈ રહી છે, આવા સંજોગોમાં અત્યારથી જ ભાવિ પેઢી માટે ઉત્તરદાયિત્વ નિભાવી, આયોજનબધ્ધ રીતે પાણીનું સંરક્ષણ અને સંચય કરવો આવશ્યક બન્યો છે, જળ એ આપણા જીવનનો આધાર છે અને તેનું રક્ષણ કરવું આપણી નૈતિક જવાબદારી છે.

ચેમ્બરના પૂર્વ પ્રમુખ તેજા કાનગડ, કે જેઓની પૃષ્ઠભૂમિ ગ્રામીણ ક્ષેત્રની રહી છે તેઓએ આ તબક્કે ખાસ જણાવ્યું હતું કે, જળ એ જીવન માટે અતિ આવશ્યક છે અને જળ સંરક્ષણ તથા સંગ્રહથી જ ભૂગર્ભ જળનું રિચાર્જ કરીને આપણે ભવિષ્ય માટે પાણી બચાવી શકીએ તેમ છીએ, સાથે દુષ્કાળ સમયમાં પાણીની તંગી થાય ત્યારે તેની વિશેષ ઉપયોગિતા રહેલી હોઇ, અનેક પ્રદુષણોથી બચાવવા, પાણીની ગુણવતામાં સુધારો કરવા, કૃષિ ઉત્પાદક્તા વધારવા અને સિંચાઇ માટે તથા પીવાનું સ્વચ્છ પાણી પુરૂં પાડી જીવનનું સ્તર સુધારવું જરૂરી બન્યું છે.

ચેમ્બરના માનદ મંત્રી મહેશ તિર્થાણીના જણાવ્યા અનુસાર, આજે ઘણા લોકો પાણીના મહત્વ અને તેનું સંરક્ષણ કેવી રીતે કરવું તે પ્રત્યે જાગૃત નથી, તેથી જ આવા જાગૃતિ અભિયાનો ધ્વારા સમાજમાં મહતમ સંદેશ પહોંચાડવા અને શિક્ષિત કરવા ચેમ્બરે આ બીડું ઝડપ્યું છે, જેમાં સેપ્ટ યુનિવર્સિટી સેન્ટરના હેડ ડો. મીરા મહેતા અને ડો. દિનેશ મહેતા જાહેર જાગૃતિ અભિયાન ધ્વારા લોકોને તળાવ, ચેકડેમ અને ભૂગર્ભ જળ, રિચાર્જ કૂવાઓ જેવી જળસંગ્રહ સુવિધાઓના નિર્માણથી માર્ગદર્શિત કરશે, તેમણે વધુમાં જણાવ્યું હતું કે, હાલના સમયમાં પાણીમાં ક્ષારનું સ્તર ખૂબજ વધી જવા પામ્યું છે આપણે ત્યાં ૧૬૦૦ થી ૧૮૦૦ ટી.ડી.એસ.નું પાણી આવે છે, તેથી કીડનીની બીમારીઓ વધતી જાય છે ત્યારે વરસાદના પાણીને સંગ્રહિત કરવું અને તે અંગે લોકોને જાગૃત કરવાનું ચેમ્બરને જરૂરી લાગતાં, માળખાકીય સુવિધાઓનું કેવી રીતે નિર્માણ કરવું તે માટે, દેશના નામાંક્તિ ઓર્ગેનાઈઝેશનો ધ્વારા ૧૨ જેટલા સ્ટોલ પણ લગાડવામાં આવશે, જેનાથી સ્થળ પર જ જીવંત માહિતી મેળવી તેમજ પ્રદર્શની અને જનજાગૃતિ રૂપે ભજવવામાં આવનાર નુક્ડ નાટિકાથી ઘર-ઘર સુધી એક સકારાત્મક સંદેશ સાથેનું માધ્યમ ચેમ્બર બનશે. આ માટે વધુમાં વધુ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારના લોકો તેમજ ઉદ્યોગ ગૃહો, સહકારી અને સરકારી પ્રતિષ્ઠાનો, સંસ્થાઓ, સમાજો, એનજીઓ જોડાય તેવી ચેમ્બર દ્વારા અપીલ કરવામાં આવી છે અને તેઓનો અભૂતપૂર્વ સાથ સહકાર પણ સાંપડી રહયો છે. ચેમ્બરમાં આ સેમીનાર સવારના ૧૧ થી સાંજના ૬ વાગ્યા સુધી સળંગ બે દિવસ ચાલનાર હોઇ, બહોળી સંખ્યામાં લોકો તેનો લાભ ઉઠાવી શક્શે, તેવો આશાવાદ વ્યક્ત કરાયો હતો.

જળ સંગ્રહ અને સંરક્ષણ અભિયાનને સફળ બનાવવા માટે ચેમ્બરની કારોબારી સમિતિ સહિત તેના પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર જાગૃતિ ઠક્કર અને પ્રોફેસર સુરભી આહિર સાથે ચેમ્બરની વુમેન્સ વીંગના ક્વીનર રાખી નાહટા અને કો-સ્ક્વીનર મમતા આહુજા ચેમ્બરની કારોબારી સમિતિના સભ્ય હરીશ માહેશ્વરી, સહમંત્રી જતિન અગ્રવાલ જહેમત ઉઠાવી રહયા છે, તેવું ચેમ્બર માનદ મંત્રીશ્રી તિર્થાણી ની યાદીમાં જણાવાયું હતું.

# માધાપરની શ્રીજી વિદ્યાલયથી નવી લાઈન સુધીની શેરીમાં ખાડા જ ખાડા



ભુજની ગટર માધાપર જુનાવાસ થઈને નિકળે છે જેનાં કારણે આ રોડ તોડી પડાયો, પણ હવે ફરી બનાવશે કોણ ? તે સવાલ છે

ભુજ તા.૧૭

માધાપર જુનાવાસ વિસ્તારમાં આવેલી મુખ્ય અને સૌથી લાંબી શેરીમાં ગેસની પાઈપ લાઇન અને ગટર લાઇન નાખવા માટે સિમેન્ટ રોડ પુરેપુરો તોડી નાંખતા લોકોને અવરજવર માટે રસ્તો અવરોધક બન્યો છે.ગટરની ચેમ્બર પણ શ્રીજી વિદ્યાલય પાસે અવારનવાર ઉભરાય છે જેની અસરથી લોકો અને વિધાર્થીઓ ખુબ પરેશાની ભોગવવી પડે છે, લોકોપંચાયતમાં ફરિયાદનોંધાવેછે પણ કોઈચોક્કસ સંતોષકારક જવાબ કે પરિણામ મળતા નથી, ઉભા થયેલા આ ખાડામાં નાના વાહનો અને ગાયો પડી જાય છે, અગાઉ રોડ સિમેન્ટનો હતો આજે ખાડા ટેકરાઓથી ભરપુર છે જેથી વરસાદી પાણી ભરાઇ રહે છે અને મચ્છરો જેવી જીવાત થાય છે તેમજ વરસાદી પાણીનો નિકાલ થતો નહીં હોવાથી લોકોને પગપાળા ચાલીને અવરજવર કરવી પણ મુશ્કેલ બની છે નવી લાઈન સુધીની શેરીમાં આવી જ પરિસ્થિતિ છે પંચાયતમાં સફાઈ કામદારોની અછત હોય એમ રસ્તા પર કચરા પડયા હોય છે, આ ગટરની સુવિધા ભુજની છે પણ માધાપર જુનાવાસ થઈને નિકળે છે જેનાં કારણે આ રોડ તોડી પાડવામાં આવ્યો છે. આ રોડ ફરી બનાવવા જવાબદારી કોણ સ્વીકારશે ગ્રામ પંચાયત કે નગરપાલિકા કે આમજ રહેશે ? એવો સવાલ અહીંના જાગૃત નાગરિક નિતીન પંડ્યાએ જણાવ્યું હતું કે, લોકોની એવી માગણી છે કે વરસાદની સિઝનમાં તો કામ કરવું કઠીન છે, ત્યારે વરસાદની સિઝન પુરી થતાં જ જો આ કામગીરી સત્વરે થાય તોય સારું, નગરપાલિકાના પાપે માધાપરના લોકોને હાલાકી વેઠવી પડે છે.

# સમગ્ર કચ્છમાં મહોરમની શાંતિપુર્ણ ઉજવણી

રાપર, તા.૧૭

આજે કચ્છના મુખ્ય મથક ભુજ સહિત સમગ્ર વાગડ વિસ્તારના રાપર, ફતેહગઢ, સલારી, નિલપર, ગાગોદર, સહિતના ગામો ઉપરાંત તાલુકા અને ગ્રામ્ય મથકો પર તેની ઉજવણી કરાઇ હતી. ઈસ્લામિક પરંપરામાં તાજીયા-મહોરમ એક મહત્વનો તહેવાર માનવામાં આવે છે. ત્યારે આજે સમગ્ર દેશની સાથે કચ્છમાં પણ આ તહેવાર ઉજવાયો હતો અને ઈમામ હુસૈન ની શહાદતની યાદ કરાઇ હતી. તાજિયા શોક સરઘસનો ઈતિહાસ ઈસ્લામના શરૂઆતના દિવસોનો છે, સરઘસમાં ઈમામ હુસૈન અને તેમના ભાઈ અબ્બાસના દરગાહની વિસ્તૃત પ્રતિકૃતિઓ છે, જે તાજિયા તરીકે ઓળખવામાં આવે છે, તાજીયા રાપર ના માંડવી ચોક ખાતે પડમા આવ્યા હતા. જયા હિન્દુ મુસ્લીમ સમાજના લોકો જોવા ઉમટ્યા હતા. બપોર બાદ તાજીયા મહોરમ નું જુલુસ રાપર શહેર ના માંડવી ચોક સોની બજાર માલીચોક ભુતિયા-



કોઠા માર્ગ પરથી યા હુસૈન ના નારા સાથે આથમાણા નાકા પાસે ની જામા મસ્જિદ પાસે ટાઢા કરવામાં આવ્યા હતા આજે તાજીયા મહોરમ નિમિત્તે મુસ્લિમ સમાજ ના આગેવાનો ઈસ્માઈલ પણકા, હાજી ખાસકેલી,મામદ નોડે, હુસેનશાહ સૈયદ, હાસમશા, સૈયદ,રહિમશા સૈયદ, પીર અલીઅકબરશા હાસમશા, ઉમરશા શેખ, અનવર ભાઈ ઝરીયા, રસુલ ભાઈ ચૌહાણ ચાંદાજી સમા જાનખાન બલોચ ઈસ્માઈલ ટાંક લાલમામદ રાઉમા કુતુબ શા શેખ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ તમામ સ્થળે બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

### રાજ્યના ઔદ્યોગિક વિસ્તારો અને ક્વોરી વિસ્તારોના રોડ-ઇન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન માટે ૧૪૭૦ કરોડ રૂપિયાની સૈદ્ધાંતિક મંજૂરી આપતા મુખ્યમંત્રી

# રાજ્યના ૬૮૮ કિલોમીટરના ૬૫ માર્ગોનું મજબૂતીકરણ થશે

અમદાવાદ તા.૧૭

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસથી ઔદ્યોગિક વિસ્તારો અને ક્વૉરી વિસ્તારોને જોડતા માર્ગોના અપગ્રેડેશન અને મજબૂતીકરણ માટે ૧૪૭૦ કરોડ રૂપિયાની ફાળવણી માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.



મુખ્યમંત્રીએ ઉદ્યોગ અને ખાણ વિભાગ સાથે પરામર્શ કરીને તેમની જરૂરિયાતો ધ્યાને લેવાનો નવતર અભિગમ અપનાવ્યો છે, ઔદ્યોગિક વિસ્તારોને તથા ક્વોરીને જોડતા આ રસ્તાઓના કામો થવાથી આ રસ્તાઓને જોડતા શહેરો, નગરો, ગામોના ટ્રાફીકને સરળતા રહેશે અને વાહન વ્યવહાર લાયક સારા માર્ગોની સુવિધા મળશે. ગુજરાત દેશના સૌથી વધુ ઔદ્યોગિક વિસ્તાર ધરાવતા રાજ્યોમાં એક અગ્રેસર રાજ્ય છે એટલું જ નહિં, પોલિસી ડ્રિવન સ્ટેટ, રોબસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને પરિણામે દેશમાં ગુજરાત એફ. ડી.આઈનો મોટો હિસ્સો ધરાવતું રાજ્ય બન્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણા અને દિશાદર્શનમાં શરૂ થયેલ વાઈબ્રન્ટ ગ્લોબલ સમિટની ફલશ્રુતિએ રાજ્યમાં મોટાપાયે ઉદ્યોગો આવતાં અપ્રતિમ ઔદ્યોગિક વિકાસ થયેલો છે, આવા ઉદ્યોગો દ્વારા 'મેઈક ઈન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત'ને પ્રોત્સાહન આપવાના વડાપ્રધાનના વિઝનને આગળ ધપાવતાં મુખ્યમંત્રી શ્રી પટેલે રોડ નેટવર્ક વધુ સુદ્રઢ કરવાના હેતુથી છેલ્લા બે વર્ષમાં રોડ સેક્ટરની નાણાંકીય જોગવાઈઓની ફાળવણીમાં ૮૦ ટકાથી વધુનો વધારો કરવાની પહેલ કરી છે. ઔદ્યોગિક વિસ્તારો અને ક્વૉરી વિસ્તારોને જોડતા કુલ ૬૮૮ કિલોમીટરના ૬૫ માર્ગો માટે આ ૧૪૭૦ કરોડ રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક અનુમતિ આપવામાં આવી છે. આ ફાળવણી અન્વયે ૮૩ કિલોમીટર માર્ગોને ફોર લેન સુધી પહોળા કરવામાં આવશે તેમજ ૧૭૩ કિલોમીટર રસ્તાની લંબાઈ ૧૦ મીટર સુધી પહોળી કરાશે, આ કામ સાથોસાથ ૪૩૨ કિલોમીટર લંબાઈનું મજબૂતીકરણ-સ્ટ્રેન્ધનીંગ કરાશે તેમજ પૂલ/ક્રોસ ડ્રેનેજ સ્ટ્રક્ચર્સના જરૂરી મજબૂતીકરણ તથા વાઈડનીંગ કરવામાં આવશે. વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ્સ તૈયાર થયા પછી જરૂરિયાત જણાયે આ રસ્તાઓ પર ફ્લાય ઓવર પણ કરાશે. ક્વૉરી વિસ્તારના ઉધોગોને જોડતા ગ્રામ્ય માર્ગો પણ વધુ મજબૂતીકરણની તેમજ વાઇડનીંગની જરૂરિયાત ધરાવતા હોય છે, તે બાબતને પણ ધ્યાને રાખવામાં આવેલ છે. મુખ્યમંત્રીએ માર્ગ અને મકાન વિભાગને રાજ્યના દરેક વિસ્તારના ઔદ્યોગિક અને ક્વૉરી વિસ્તારોને જોડતા રસ્તાઓને ધ્યાનમાં લઈને ઉત્તર, મધ્ય, દક્ષિણ, કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારોના સર્વાંગી વિકાસની વ્યૂહરચના અનુસાર રસ્તાઓ આવરી લેવા દિશા નિર્દેશ આપ્યા છે. આ આયોજન પ્રવર્તમાન સમયની જરૂરિયાતોને પૂર્ણ કરવા સાથે ઉદ્યોગ અને ક્વૉરી વિસ્તારની અને તેને જોડતા રસ્તાઓના ગામો, નગરો, શહેરોની ભવિષ્યલક્ષી જરૂરિયાતોની પણ આપૂર્તિ કરશે. માર્ગોના મજબૂતીકરણ અને અપગ્રેડેશન માટે નાણાં ફાળવણીની મુખ્યમંત્રીએ આપેલી આ સૈદ્ધાંતિક અનુમતિને પરિણામે ભવિષ્યમાં ઉદ્યોગો માટે રો-મટીરીયલ, ફિનિશ્ડ પ્રોડક્ટસ તેમજ મુખ્ય અને ગૌણ ખનિજોના આવા-ગમનની સરળતામાં વધારો થતાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને વેગ મળશે, રાજ્યમાં વધુ પ્રમાણમાં ઉદ્યોગોની સ્થાપનાનો માર્ગ મોકળો થશે અને વડાપ્રધાનની વિકસિત ભારતની પ્રતિબદ્ધતામાં ગુજરાત 'વિકસિત ગુજરાત'ના નિર્ધારથી અગ્રીમ યોગદાન આપશે.

# કરોડરજ્જુની ઈજા સાથે આવેલ મહિલા સ્વસ્થ થઈ પેરા એથ્લેટમાં પહોંચી

**સેન્ટરમાં બિમારી સાથે આવેલ મહિલા સ્વસ્થ થયા બાદ માર્ગદર્શનથી પેરા એથ્લેટ માટે સજ્જ થયા હતા જ્યા ડિસ્કસ થ્રોમાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો**




ભુજ તા.૧૭

કહેવાય છે ને પરિસ્થિતી ગમે ત્યાર બદલે છે. બસ આત્મ વિશ્વાસ સાથે આગળ વધવુ પડે છે. આવોજ એક પ્રેરણાદાયી કિસ્સો કચ્છમાં બન્યો છે. બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત જયા રિહેબિલિટેસન ઇન્સ્ટિટ્યૂટ અને રિસર્ચ સેન્ટર માં ક્વાડ્રિપ્લેજિયા કરોડરજ્જુની ઈજા સાથે ન્યુઝી કોલડિયા આવ્યા હતા. તકલીફ એટલી ગંભીર હતી કે તેમને કાગળનો ટુકડો અથવા પાણીનો ગ્લાસ ઉપાડવા માં તકલીફ થતી હતી, પરંતુ અહીના સેન્ટર ખાતે પુનર્વસન તાલીમ સાથે તેઓએ તેના જીવનમાં સ્વતંત્ર બની ગયા.અને સ્વસ્થ થયા બાદ રમતગમતમાં પણ રસ દાખવ્યો હતો. જેના આત્મ વિશ્વાસને જોઇ જયા રીહેબીલીટેશન નાં ડાયરેક્ટર મુકેશ દોશી અને શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટના ચેરમેન વિજય છેડાએ તેમને તાલીમ શરૂ કરવાની સલાહ આપી હતી. ડૉ. લોગનાથન ના માર્ગદર્શન હેઠળ ડૉ અશોક ત્રિવેદી અને નીતિન પરમાર દ્વારા મહિલાને પુનર્વસન તાલીમ સાથે પેરા એથ્લેટ ની તાલીમ શરૂ કરાવાઈ હતી. જે બાદ આજે તેમને બેંગલોર ખાતે આયોજિત ૧૩મી જુનિયર અને સબ જુનિયર નેશનલ પેરા એથ્લેટ ચેમ્પિયનશીપમાં F51 કેટેગરી માં ડિસ્કસ થ્રોમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે.તેના પરિવાર માટે તથા જયા રિહેબિલિટેશન સેન્ટર માટે આ પ્રતિષ્ઠાની ક્ષણ છે. સાથે અન્ય માટે આ પ્રેરણારૂપ કિસ્સો જ્યાં તેણે પેરા એથ્લેટ તાલીમ મેળવી તેમણે પ્રત્યક્ષ કે આડકતરી રીતે ખાસ શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત જયા રિહેબિલિટેસન ઇન્સ્ટિટ્યૂટ અને રિસર્ચ સેન્ટર તથા બિદડા ઈન્ટર નેશનલ ફાઉન્ડેશન દ્વારા ટેકો આપનાર તમામનો તેણી ખૂબ આભાર માન્યો હતો મિસ ન્યૂઝી કોલડિયા એથ્લેટ, કેરટેકર, ટ્રાન્સપોર્ટેસન અને એકૉમેડિસન બધું જ બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત જયા રિહેબિલિટેશન ઈન્સ્ટિટ્યૂટ અને રિસર્ચ સેન્ટર સ્પોન્સર કરશે તેમ જણાવ્યુ હતુ.

# મિશન ગ્રીન ભીમાસર એક નવતર અને અદભૂત અભિગમ






### કચ્છના દરેક ગામ આ અભિગમ અપનાવે તો કચ્છમાં હરિયાળી ક્રાંતિ સર્જાય : ફોટા પડાવવા થતા વૃક્ષારોપણનો કોઈ મતલબ નથી

ભુજ તા.૧૭

સહારા ગ્રામના દરેક ઘરોના આંગણામાં ૬ પ્રકારના ફળોનો ૩૫૦૦ વૃક્ષો વાવી દેવામાં આવ્યા છે. હરિયાળા ગામ ભીમાસરને ચારે તરફથી વધુ હરિયાળું બનાવવાના અભિયાન માટે મિશન ગ્રીન ભીમાસરનો નવતર અભિગમ ભીમાસર ગ્રામ પંચાયત અને ભીમાસર ચકાસર ગૌશાળા ટ્રસ્ટ દ્વારા શરૂ કરવામાં આવ્યો છે, લોક ભાગીદારીથી થઈ રહેલા આ કાર્યમાં ૬૦૦૦ વૃક્ષો પાંચ વર્ષના ઉછેર સાથેની કામગીરી કરવામાં આવનાર છે,જેમાં ભીમાસર ગામના જ દાતાઓ દ્વારા વૃક્ષો દત્તક લઈને ઉછેરવાનો સંકલ્પ સાથે નીલકંઠ મહાદેવ મંદિરે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ અભિયાનમાં ૨૦૦૦ જેટલા વૃક્ષો દાતાની નેમ પ્લેટ અને ટ્રી-ગાર્ડ સાથે ગામના તમામ રોડની બન્ને સાઈડોમાં અને જાહેર જગ્યાઓ ઉપર વાવવામાં આવશે, અને ૫૦૦ વૃક્ષો સાર્વજનિક અને ગૌચર જગ્યાઓમાં વાવવામાં આવનાર છે.

આ વૃક્ષો ઘટાદાર છાયો આપનાર રોપા લીમડો, કરંજ, ઉંબરો, સીરીશ, પેલટા, રેન ટ્રી, વડ પ્રકારના ૨૫૦૦ વૃક્ષો વાવી ઉછેરવામાં આવશે. આ ઉપરાંત મિશન ગ્રીન ભીમાસર ટીમ દ્વારા સહારા ગ્રામના દરેક ઘરોમાં ૬ પ્રકારના ફળો કલમી આંબા, જાંબુ, સેતુર, ચેરી, બદામ, ફાલસાના કુલ્લ ૩૫૦૦ વૃક્ષોના રોપા વાવવામાં આવ્યા છે,આ નવતર અભિગમ સાથે કદાચિત કચ્છમાં સૌ પ્રથમ વખત આ પ્રકારની કામગીરી કરવામાં આવી છે કે જેમાં ઘર માલિકો પણ ઉત્સાહ સાથે જોડાય અને પર્યાવરણ પ્રત્યે જાગૃત બને તે માટે લોકભાગીદારીથી આ કાર્યમાં વૃક્ષો વાવી આપવામાં આવ્યા છે. વૃક્ષા રોપણના કાર્યક્રમમાં ગામના આગેવાનો વી.કે.હુંબલ, બાબુભાઈ હુંબલ, બાબુ ધમા ડાંગર, અંજાર આર.એફ.ઓ. પી.એમ. જાદવ, જખાભાઈ હુંબલ, નારણ ડાંગર, ગ્રામસેવક પ્રજાપતિભાઈ, તલાટી એક્તાબેન, જીલ્લા પંચાયત સદસ્ય શંભુભાઈ ડાંગર, તાલુકા પંચાયત સદસ્ય જખાભાઈ હુંબલ, રવજી મારાજ, જીવાભાઈ રબારી, ઘેલાભાઈ ઝરૂ, ગોવિંદ ગોગરા, રાખ્યાભાઈ મરંડ, બી.એન.આહીર, બાબુભાઈ આલા, વાસણ સામત હુંબલ, રણછોડ બાવાજી, શંભુભાઈ ગોગરા, એસ.કે.હુંબલ, ચંદ્રકાન્ત ડાંગર, વીરેન્દ્ર હેઠવાડિયા, નારણ ચાવડા, સુનીલ ડાંગર, રામજી કરશન, લખાભાઈ રબારી, રમેશ સોલંકી, ઈબ્રાહીમ બાવાજી વગેરે ગ્રામજનો, યુવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા, કાર્યક્રમનું સંચાલન હરેશ વી. હુંબલ અને હરીભાઈ વરચંદ દ્વારા કરાયું હતું, કાર્યક્રમને સફળ બનાવવા ખોડીદાન બારોટ અને રવી ગોગરાએ જહેમત ઉઠાવી હતી.

# FILMY ગપશપ

## વિકી કૌશલ તૃપ્તિ ડિમરી સાથે જોવા મળ્યો દિલ્હી મેટ્રોમાં



મુંબઈ, તા.૧૭
વિકી કૌશલ તેની આગામી ફિલ્મ 'બેડ ન્યૂઝ'ને લઈને ઘણા સમયથી ચર્ચામાં છે. થોડા સમય પહેલા આ ફિલ્મનું ટ્રેલર રીલિઝ થયું હતું, જે ખૂબ જ મનોરંજક હતું. જે બાદ આ પિક્ચરના ત્રણ ગીતો પણ રિલીઝ થયા હતા. હવે આ ફિલ્મ ૧૯ જુલાઈએ સિનેમાઘરોમાં રિલીઝ થવા માટે તૈયાર છે. વિકી આ દિવસોમાં પોતાની ફિલ્મનું પ્રમોશન કરી રહ્યો છે. હાલમાં જ તે પ્રમોશન માટે દિલ્હી પહોંચ્યો હતો, જ્યાં તેણે દિલ્હી મેટ્રોમાં સવારી કરી હતી.'બેડ ન્યૂઝ'માં વિકી કૌશલની સાથે તૃપ્તિ ડિમરી અને એમી વિર્ક પણ જોવા મળશે.

આ બંને દિલ્હી મેટ્રોમાં વિકી સાથે પણ જોવા મળ્યા હતા. ત્રણેયનો એક વીડિયો સામે આવ્યો છે, જે સોશિયલ મીડિયા પર ચાર્ચા બનાવી રહ્યો છે. વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે તૃપ્તિ બંને એક્ટર્સને મેટ્રો રૂટ વિશે કહી રહી છે. તે પછી ત્રણેય રૂટ મેપ તરફ જુએ છે.'બેડ ન્યૂઝ'ના અત્યાર સુધીમાં ત્રણ ગીતો રિલીઝ થઈ ચૂક્યા છે. તે છે 'જાનમ', 'તૌબા તૌબા' અને 'મેરે મહેબૂબ મેરે સનમ'. 'મેરે મહેબૂબ મેરે સનમ' એ શાહરૂખ ખાનની ફિલ્મ 'ડુપ્લિકેટ'ના ગીતની રિમેક છે.


શાહરૂખની આ ફિલ્મ વર્ષ ૧૯૯૮માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં તેની સાથે જુહી ચાવલા જોવા મળી હતી.'બેડ ન્યૂઝ'નું નિર્દેશન આનંદ તિવારીએ કર્યુ છે. કરણ જોહર આ તસવીરના નિર્માતા છે. વર્ષ ૨૦૧૯માં અક્ષય કુમાર, દિલજીત દોસાંઝ, કરીના કપૂર, કિયારા અડવાણી અભિનીત ફિલ્મ 'ગુડ ન્યૂઝ' રીલિઝ થઈ હતી. આ વિકીની ફિલ્મ 'ગુડ ન્યૂઝ'ની સિક્વલ છે.

અક્ષયની આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપરહિટ રહી હતી. આ ફિલ્મે ભારતમાં જ ૨૦૫.૧૪ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. હવે જોવાનું એ રહેશે કે આ ફિલ્મ દ્વારા વિકી, એમી અને તૃપ્તિ કેવું શાનદાર પ્રદર્શન કરે છે. વિકી છેલ્લે 'સામ બહાદુર'માં જોવા મળ્યો હતો. તેમની આ ફિલ્મ વર્ષ ૨૦૨૩માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં વિકી ભારતના પહેલા ફિલ્ડ માર્શલ 'સેમ માણેકશા'ના રોલમાં ખૂબ જ સારો હતો. આ ફિલ્મ હિટ રહી હતી અને બોક્સ ઓફિસ પર ૯૨.૯૮ કરોડની કમાણી કરી હતી.

## ૭૨ લાખની ઘડિયાળ, ૯૦ હજારના સ્નીકર્સ પહેરનાર આ ઓરી છે કોણ

મુંબઈ, તા.૧૭
સ્ટાઈલિશ આઉટફિટમાં દેખાતો આ છોકરાને બધાએ ઓળખી જ લીધો હશે. તમે સોશિયલ મીડિયા પર આ વ્યક્તિના ફોટા ઘણીવાર જોયા હશે. હાલમાં જ આ વ્યક્તિ અનંત રાધિકાના લગ્નમાં જોવા મળ્યો હતો. ઓરહાન અવત્રામાની ઉર્ફે ઓરી સોશિયલ મીડિયાની દુનિયામાં જાણીતું નામ છે. બોલિવૂડ સ્ટાર્સની લગભગ દરેક પાર્ટીમાં ઓરી જોવા મળે છે. હાલમાં અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્નના તમામ ફંક્શનમાં જોવા મળ્યો હતો.ઓરી અવત્રામણીનું નામ હંમેશા ગૂગલ પર સર્ચ કરવામાં આવે છે.

સેલિબ્રિટી સાથેના તેના ફોટો જોઈ લોકો જાણવા માંગે છે કે, આ ઓરી કોણ છે. તો ચાલો આજે તમને જણાવીશું ઓરી અવત્રામણી કોણ છે. તેમજ ઓરીના પરિવાર વિશે વાત કરીશું.ઓરી અંબાણીના રિલાયન્સ ઈન્ડસ્ટ્રીમાં સ્પેશિયલ પ્રોજેક્ટના મેનેજર તરીકે કામ કરે છે.મોટા બિઝનેસ મેન અંબાણીના બાળકો તેમજ બોલિવુડ સેલિબ્રિટીના બાળકો સુધી મશહુર ઓરી કોઈ સ્ટાર કિડ્સથી ઓછો નથી. ઓરહાન અવત્રામણીનો જન્મ ૨ ઓગસ્ટ ૧૯૯ના રોજ થયો છે, તેમના પિતા, જોર્જ અવત્રામણીની એક બિઝનેસમેન છે અને તેમની માતાનું નામ શહનાઝ અવત્રામાણી છે. ઓરીનો ભાઈ કબીર અવત્રામણી છે. ૨૫ વર્ષના ઓરીનું પુરું નામ ઓરહાન અવત્રામાણી છે.



તેમણે ન્યુયોર્કમાંથી અભ્યાસ પૂર્ણ કર્યો છે. તેમણે ફાઈન આર્ટસ અને કોમ્યુનિકેશન ડિઝાઈનિંગમાં ડિગ્રી મેળવી છે.ઓરીનું સેલિબ્રિટી સાથે કનેક્શનની વાત કરીએ તો તેમણે કોલંબિયા યૂનિ. માંથી સારા અલી ખાન સાથે પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યો છે. ઓરીએ ૨૦૧૩થી ૨૦૧૭ સુધી તમિલનાડુમાં અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ ન્યુયોર્કમાં અભ્યાસ માટે ગયો હતો.ઓરહાન અવત્રામણી એક સોશિયલ મીડિયા ઈન્ફ્યુલસ છે, જે ઘણી વખત બોલીવુડ અને હોલીવુડની વિવિધ પાર્ટીઓમાં જોવા મળે છે.

સેલિબ્રિટીઝ સાથે અસંખ્ય ઈવેન્ટ્સમાં તેમની હાજરીએ તેમને ઈન્ટરનેટ સેન્સેશન બનાવી દીધો છે.સ્ટાર કિડ્સની પાર્ટીમાં ઓરીને સૌ કોઈએ જોયો હશે.તમને જણાવી દઈએ કે, ઓરી બોલિવુડ ઈન્ડસ્ટ્રીનો ભાગ નથી,પરંતુ બોલિવુડ સેલિબ્રિટી અને સ્ટાર કિડ્સની સાથે જોવા મળતો હોય છે.તમને જણાવી દઈએ ઓરહાન અવત્રામાણી એક બિઝનેસમેનનો દિકરો છે. જે સ્ટાર કિડ્સની ભેન્ડ લિસ્ટમાં સામેલ છે. ઓરહાનનું નિકનેમ ઓરી છે, ઓરી હંમેશા મોટી મોટી પાર્ટીઓમાં જોવા મળતો હોય છે. પોતાના સોશિયલ મીડિયા પર સ્ટાર કિડ્સ સાથે ફોટો શેર કરે છે.



બોલીવૂડ અભિનેત્રી રુહી સિંહ પોતાના ઈન્સ્ટાગ્રામ પર શાનદાર ફોટોશૂટની તસવીરો શેર કરી છે.રુહી સિંહે વરસાદમાં ખૂબ જ શાનદાર ફોટોશૂટ કરાવ્યું છે. એક્ટ્રેસના ચાહકો પણ તેના આ ગ્લેમરસ અંદાજને લાઈક કરી રહ્યા છે.વરસાદમાં રુહી સિંહ ગ્લેમરસ પોઝ આપતી જોવા મળી રહી છે કેલેન્ડર ગર્લ્સ ફિલ્મમાં પણ રુહી જોવા મળી હતી.

## 'રામાયણ'ના નિર્માતા હવે ભગવાન કૃષ્ણ પર ફિલ્મો અને વેબ સિરીઝ બનાવશે




મુંબઈ, તા.૧૭
રામાનંદ સાગરની રામાયણ આવી તેના ૩ દાયકાથી વધુનો સમય થઈ ચૂક્યો છે પરંતુ તેમ છતાં આ સિરીયલનો ઝલવો ચાલુ જ છે. કોરોના મહામારીમાં પણ આ સિરીયલને ચાહકોનો ખુબ પ્રેમ મળ્યો હતો. હવે આ સિરીયલની સફળતા ને જોઈ સાગર પિકચર્સ એન્ટરટેનમેન્ટ પ્રોડક્શન હાઉસે મોટો નિર્ણય લીધો છે. તે ભગવાન કૃષ્ણ પર એક ફિલ્મ અને વેબ સીરિઝ બનવવાનું વિચારી રહ્યા છે. આવું પહેલી વખત નથી કે, જ્યારે આ પ્રોડક્શન હાઉસ ભગવાન કૃષ્ણ પર કોઈ પ્રોજેક્ટ લાવી રહ્યું હોય, કૃષ્ણના ટાઈટલ પહેલા પણ એક ટીવી શો આવી ચૂક્યો છે જે ખુબ હિટ રહ્યો હતો.

હવે મેકર્સ ફરી એક વખત કૃષ્ણ પર નવા પ્રોજેક્ટ સાથે આવવાની તૈયારીમાં છે.ટ્રેડ એનાલિસ્ટ તરણ આર્દશે આ વાતની જાણકારી શેર કરી છે. તેમણે લખ્યું કે, રામાયણના ક્રિએટર્સ સાગર પિકચર્સ એન્ટરટેનમેન્ટ, ભગવાન કૃષ્ણ પર ફિલ્મ અને વેબ સીરિઝ લાવવાની તૈયારીમાં છે. જેમાં નેશનલ એવોર્ડ વિનિંગ ફિલ્મ ૧૯૭૧ બનાવનારનું સહ-નિર્માણ હશે. આ એક મોટો પ્રોજેક્ટ હશે અને તેમાં સમગ્ર ભારતની સ્ટારકાસ્ટ હશે. ઈન્ટરનેશલ ફ્લ્ઠ કંપની પણ આમાં સામેલ થશે.

આ મેગા પ્રોજેક્ટ વિશે હજુ સુધી વધુ માહિતી પ્રાપ્ત થઈ નથી. રામાનંદ સાગરે ભારતને ૨ મોટી સીરિયલ આપી છે. તેનો પહેલો શો રામયણ સુપરહિટ રહ્યો અને કૃષ્ણા સીરિયલને પણ સારો પ્રતિસાદ મળ્યો છે. આ સીરિલે અરુણ ગોવિલ, દીપિકા ચીખલિયા, દારા સિંહ, સુનીલ લહરી જેવા સ્ટાર ઘરે ઘરે પોપ્યુલર થયા છે. હવે ચાહકો ભગવાન શ્રી કૃષ્ણ પર આધારિત વેબ સીરિઝની રાહ જોઈ રહ્યા છે.

## 'એક મહિના સુધી રોજ ૧૬ કલાક પેઈન્ટ કરીને રાધિકાના ચણિયાચોળી બનાવ્યાં'

મુંબઈ, તા.૧૭
અંબાણી પરિવારની વહુ તરીકેના પહેલાં પ્રસંગમાં રાધિકાએ અબુ જાની - સંદીપ ખોસલા દ્વારા ડિઝાઈન કરેલા રાણી કલરના હેન્ડ પેઈન્ટેડ ચણિયાચોળી પહેર્યા હતાં. જે જયશ્રી બર્મન નામના કલાકાર દ્વારા પેઈન્ટ કરવામાં આવ્યાં છે. જેમાં તેમણે આ ચણિયાચોળીની પ્રોસેસની વાત કરી હતી. જયશ્રી બર્મને જણાવ્યું, 'હું એક મહિના સુધી સતત ૧૫-૧૬ કલાક સુધી પેઈન્ટ કરતી હતી. એક સાધુની જેમ મેં જાણે તપસ્યા આદરી હતી. જાણે એક કલ્પનાને જીવંત કરવા માટે મેં મેડિટેશન કરવાનું શરૂ કર્યુ હતું.' આ ચિત્રોમાં જયશ્રી બર્મન તેમની જે શૈલી માટે જાણીતા છે તેવી દંતકથાઓને અનંત અને રાધિકાના મિલનના સંકેત સ્વરૂપે દર્શાવવામાં આવી છે. તેમાં દિવ્ય તેજ ધરાવતા નવયુગલ, તેમજ અનંતના પશુપ્રેમ, તેમજ ભારતીય સંસ્કૃતિમાં હાથીનું મહત્વ દર્શાવતાં હાથીના ચિત્રો બનાવવામાં આવ્યાં છે. જયશ્રી મહિલાલક્ષી ચિત્રો બનાવવા માટે જાણીતા છે. તેમણે જણાવ્યું કે સમગ્ર બ્રહ્માંડ તેમની પ્રેરણા હતું. 'આકાશ પર અનેક સંકટ આવે તો પણ બ્રહ્માંડ તો સદાય જીવંત રહે છે. મારે એ હકારાત્મકતાજીવંતરાખીનેબધીજ નકારાત્મક બાબતો જવા દેવી



હતી. એક કલાકાર તરીકે, હું તેમની ખુશીઓ અને આશાઓ આપવા માગતી હતી.' જયશ્રીએ આગળ જણાવ્યું, "સંદીપ ખોસલાએ મને કહ્યું, હતું કે તમારે કોઈને કશું જ પૂછવાની જરૂર નથી. મને એક કલાકાર તરીકે પૂરતી સ્વતંત્રતા આપવામાં આવી હતી. તો મેં કોઈ રફ કામ કર્યુ નહોતું, સીધા જ કેન્વાસ પર પેન અને પેઈન્ટથી ચિત્રો બનાવવા લાગી હતી."

રાધિકાએ ખાસ અંગત વિનંતિ કરી હતી આ ચણિયાચોળી માટે, આ અંગે જયશ્રી બર્મને કહ્યું, "મને મે મહિનામાં રિયા કપૂરની ટીમ તરફથી કોલ આવ્યો હતો. અમે તેઓ કેવો ડ્રેસ બનાવવા માગે છે તે અંગે ચર્ચા કરી, અને અચાનક જ અમારી સાથે રાધિકા પણ જોડાઈ ગઈ હતી.

## ત્રીજા સ્ટેજનું કેન્સર હોવા છતાં હિના ખાન અટકવા તૈયાર નથી

મુંબઈ, તા.૧૭
હિના ખાન હાલ ત્રીજા સ્ટેજના કેન્સર સામે લડી રહી છે, પરંતુ તે પોતાનો કામ કરવાનો ઉત્સાહ ઓસરવા દેતી નથી. એક તરફ તેની સારવાર આગળ વધી રહી છે અને બીજી તરફ તે એક પછી એક કામ હાથ પર લઈ રહી છે. તેણે કહ્યું કે આ બીમારીને પણ સહજતાથી લેવાની જરૂર છે. હિનાએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તેણે તે કઈ રીતે કામ કરે છે, તેની ટીમ કઈ રીતે તેના ઘાવ છૂપાવે છે અને તે વિગ પહેરે છે તે અંગે વાત કરી હતી. તેણે લખ્યું,"શો મસ્ટ ગો ઓન." હિનાએ વીડિયો સાથે લખ્યું,"મારા નિદાન પછીનું મારું પહેલું કામ પચાલતાં ચાલતાં બોલવું અઘરું પડે છે, ખાસ કરીને જ્યારે તમે જીવનના સૌથી મોટા પડકારનો સામનો કરતાં હોય ત્યારે. તો તમારી જાતને ખરાબ દિવસ હોય ત્યારે વિરામ આપો, એટલું ચાલે.તમારો અધિકાર છે.

પરંતુ જ્યારે સારા દિવસો હોય ત્યારે તમારા જીવનની મજા માણવાનું ભૂલશો નહીં. પછી એ ભલે ગમે તેટલાં ઓછાં હોય. છતાં આ દિવસો તમારા માટે મહત્વના છે. આ પરિવર્તનને સ્વીકારી લો, તેનું માન રાખો અને તેને સહજતાથી લો." એક લાંબી નોટમાં તેણે લખ્યું,"હું સારા દિવસોની રાહ જોતી રહું છું.

## ઝહીર સાથે વહેલા લગ્ન નહીં થયાનો સોનાક્ષીને અફસોસ

મુંબઈ, તા.૧૭
સોનાક્ષી સિંહા અને ઝહીર ઈકબાલે ૨૩ જૂને મુંબઈમાં લગ્ન કર્યા હતાં. લગ્ન બાદ સોનાક્ષી પોતાની ફિલ્મ 'કાકુડા'ના પ્રમોશનમાં બિઝી હતી, જેના કારણે તેઓ લાંબા હનીમૂન પર જઈ શક્યા ન હતા. સોનાક્ષી બીજા હનીમૂન માટે ફિલિપાઈન્સ પહોંચી છે. સોનાક્ષી અને ઝહીર સાત વર્ષ રિલેશનશિપમાં રહ્યા હતા. સોનાક્ષીનું માનવું છે કે, ઝહીર સાથે વહેલા લગ્ન થયા હોય તો ઘણું સારું રહેત. જો કે 'લેટ ઈઝ બેટર ધેન નેવર' કહીને તેણે મન મનાવ્યુ હતું. ઝહીર ઈકબાલ સાથે લગ્ન પહેલાથી જ સોનાક્ષીએ પોતાના સંબંધો અંગે ખુલીને વાત કરવા માંડી હતી. લગ્ન બાદ સોનાક્ષી પર્સનલ લાઈફ અંગે અપડેટ શેર કરતી રહે છે. સોનાક્ષીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતુ કે, તે બીજા હનીમૂન માટે ફિલિપાઈન્સ પહોંચી છે. અલગ ફલાઈટ હોવાથી ઝહીર તેની સાથે નથી આવ્યો અને તે ઝહીરની રાહ જોઈ રહી છે. ફિલિપાઈન્સ પહોંચતા પૂર્વે સોનાક્ષીએ રીસેન્ટ રિલીઝ 'કાકુડા' અંગે વાત કરી હતી. આ વર્ષે પ્રોફેશનલ ક્ષેત્રે 'હીરામંડી' બાદ 'કાકુડા' રિલીઝ થઈ છે. પર્સનલ લાઈફમાં ઝહીર સાથે લગ્નથી મોટી કોઈ ખુશી નથી. સોનાક્ષીના મતે, લાંબા સમયથી તે આ સમયની રાહ જોઈ રહી હતી અને જે જોઈતું હતું.

# SPORTS કોર્નર

## ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા જ ભારત-પાક એક નહીં પરંતુ ૪ વખત ટકરાશે

મુંબઇ,તા.૧૭
ક્રિકેટ જગતમાં સૌથી વધુ દુશ્મનાવટ ધરાવતી બે ટીમોમાં ભારત-પાકિસ્તાનની દુશ્મનાવટ ટોચ પર રહેશે. જ્યારે પણ આ બંને ટીમો એકબીજા સામે રમવા મેદાનમાં આવે છે ત્યારે દર્શકોને હાઈ વોલ્ટેજ ડ્રામેટિક મેચ જોવા મળે છે. જો તમે પણ ભારત-પાકિસ્તાન મેચના ચાહક છો, તો તમારા માટે એક સારા સમાચાર છે. વાસ્તવમાં, શરૂઆતમાં આ બંને ટીમો આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫માં આમને-સામને થવાની હતી, પરંતુ તે પહેલા હવે તેઓ કુલ ૪ વખત આમને-સામને થશે.

ભારત-પાકિસ્તાન વચ્ચે છેલ્લી ટક્કર અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં રમાયેલા આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ દરમિયાન થઈ હતી. આ મેચમાં ટીમ ઈન્ડિયાએ પાડોશી દેશને હરાવ્યો હતો. તમને જણાવી દઈએ કે વર્ષ ૨૦૨૪માં આ બંને ટીમો મેદાન પર ૪ વખત એકબીજા સામે રમશે. જો કે હવે મેચ પુરૂષ ટીમ સામે નહીં પરંતુ મહિલા ટીમ સામે રમાશે.

આ બંને ટીમો એશિયા કપ ૨૦૨૪ અને ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં



સામસામે ટકરાશે. એશિયા કપમાં ભારત-પાકિસ્તાનની મેચ ૧૯મી જુલાઈએ રમાશે. જો આ બંને ટીમો ફાઈનલમાં પહોંચવામાં સફળ રહે છે તો ફરી એકવાર તેમની વચ્ચે ૨૮મી જુલાઈના રોજ મુકાબલો થશે. આ પછી મહિલા ટીમો ૬ ઓક્ટોબરે ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં રમશે. તેમજ જો બંને ફાઈનલમાં પહોંચે છે તો ૨૦મી જુલાઈએ તેમની વચ્ચે મેચ રમાશે. ભારતીય મહિલા ક્રિકેટ ટીમ અને પાકિસ્તાનની મહિલા ક્રિકેટ ટીમ હવે શ્રીલંકામાં યોજાનારા એશિયા કપ ૨૦૨૪માં આમને-સામને ટકરાશે. આ મેચ દાંબુલામાં યોજાશે. સાંજે ૭ વાગ્યાથી તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. બીસીસીઆઈએ તાજેતરમાં આ માટે ભારતની ટીમની જાહેરાત કરી હતી. હરમનપ્રીત કૌર એશિયા કપ ૨૦૨૪માં ટીમનું નેતૃત્વ કરશે

## પૂર્વ ભારતીય ક્રિકેટરે 'એજ ફ્રોડ' અંગે કર્યો ચોંકાવનારો ખુલાસો

મુંબઈ, તા.૧૭
ભારતમાં ઘણી વખત 'એજ ફ્રોડ' એટલે કે વિવિધ રમતોમાં ખોટી ઉંમર બતાવીને રમવાના કિસ્સાઓ નોંધાયા છે. આ સમસ્યા ઘણા વર્ષોથી ચાલી રહી છે, જેના કારણે ઘણા ખેલાડીઓને યોગ્ય તકો મળતી નથી. આ સમસ્યા ભારતીય ક્રિકેટમાં સૌથી વધુ છે, જે સ્થાનિક ક્રિકેટના દરેક સ્તરે જોવા મળે છે. કેટલાક ખેલાડીઓને આ માટે સજા પણ થઈ છે પરંતુ આજ સુધી કોઈએ આ વાતનો ખુલ્લેઆમ સ્વીકાર કર્યો નથી. હવે ટીમ ઈન્ડિયાના પૂર્વ સ્પિનર અમિત મિશ્રાએ 'એજ ફ્રોડ' કર્યો હોવાની વાત સ્વીકારી છે અને કહ્યું છે કે તેના કોચે તેની ક્રિકેટ કારકિર્દી શરૂ કરવા માટે આવું કર્યું હતું. અમિત મિશ્રા હાલમાં એક યુટ્યુબ ચેનલને આપેલા ઈન્ટરવ્યુના કારણે ચર્ચામાં છે. આ ઈન્ટરવ્યુમાં પૂર્વ સ્પિનરે ઘણા મુદ્દાઓ વિશે વાત કરી, જેમાં તે વિરાટ કોહલી, રોહિત શર્મા અને શુભમન ગિલને લઈને તેના નિવેદનોને કારણે હેડલાઈન્સમાં છે. આ ઈન્ટરવ્યુમાં અમિત મિશ્રાએ એવો ખુલાસો પણ કર્યો હતો, જે કોઈ ક્રિકેટર કેમેરા સામે આ રીતે નથી કરતો. અમિત મિશ્રાએ કબૂલ્યું હતું કે તેણે પણ એજ ફ્રોડ કરી હતી અને તેની વાસ્તવિક ઉંમર કરતાં નાની હોવાનો



ઢોંગ કરીને ક્રિકેટ રમ્યો હતો. ટીમ ઈન્ડિયા માટે ટેસ્ટ અને વનડેમાં ઘણી મેચ રમી ચૂકેલ અમિત મિશ્રા હાલ ૪૧ વર્ષનો છે, પરંતુ આ લેગ સ્પિનરે કહ્યું કે તેની અસલી ઉંમર અલગ છે. રોહિત શર્મા સાથે IPL મેચ દરમિયાન ઉંમરને લઈને થયેલી મજાકનો ઉલ્લેખ કરતા અનુભવી બોલરે ખુલ્લેઆમ કહ્યું કે તેની ઉંમરમાં એક વર્ષનો એજ ફ્રોડ છે અને આ બધુ તેના કોચે કર્યું છે. આ તે સમય હતો જ્યારે મિશ્રાએ ટીમ ઈન્ડિયા માટે ડેબ્યૂ પણ કર્યું ન હતું. ઈન્ટરવ્યુમાં મિશ્રાએ જણાવ્યું કે ઘરમાં ઘણી સમસ્યાઓ ચાલી રહી હતી અને તેણે પરિવાર પાસે ક્રિકેટ રમવા માટે માત્ર એક વર્ષનો સમય માંગ્યો હતો. આવી સ્થિતિમાં તેના કોચે કહ્યું કે અંડર-૧૯ રમવાની આ તેની છેલ્લી તક છે અને તેથી તે આજથી એક વર્ષ નાનો બની ગયો છે. મિશ્રાએ પણ કહ્યું કે ક્રિકેટમાં ઉંમર ઓછી બતાવવાનો ફ્રોડ સામાન્ય છે અને ઘણા મોટા ખેલાડીઓએ આ કર્યું છે.

## આઈસીસી રેક્રિંગમા ગીલે ૩૬ ખેલાડીઓને પાછળ છોડી દીધા

મુંબઇ,તા.૧૭
ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે તાજેતરની ટી ૨૦ રેક્રિંગ જાહેર કરી છે. ટીમ ઈન્ડિયાએ તાજેતરમાં જ ઝિમ્બાબ્વેને ૫ મેચની ટી ૨૦ શ્રેણીમાં ૪-૧થી હરાવ્યું હતું. આ રેક્રિંગમાં આ શાનદાર પ્રદર્શનનો ફાયદો ખેલાડીઓને મળ્યો છે. આ સિરીઝમાં શુભમન ગીલે ટીમની કમાન સંભાળી હતી, તે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી પણ હતો, જેના કારણે તેણે બેટ્સમેનોની રેક્રિંગમાં મોટો છલાંગ લગાવ્યો છે. આ સાથે જ યશસ્વી જયસ્વાલ ટોપ-૫ની ખૂબ નજીક પહોંચી ગઈ છે.

શુભમન ગિલ ટી ૨૦ બેટિંગ રેક્રિંગમાં ૩૬ સ્થાનનો ફાયદો ઉઠાવ્યો છે અને હવે તે ૩૭માં નંબર પર છે. તેણે ઝિમ્બાબ્વે સામે ૫ મેચમાં ૪૨.૫૦ની એવરેજ અને ૧૨૫.૯૨ની સ્ટ્રાઈક રેટ-થી ૧૭૦ રન બનાવ્યા હતા. આ દરમિયાન ગિલના બેટમાંથી બે અડધી સદીની ઈનિંગ્સ જોવા મળી હતી. તે આ શ્રેણીમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન પણ હતો. તેને આઈસીસી ટી ૨૦ રેક્રિંગમાં આ શાનદાર પ્રદર્શનનો પુરસ્કાર મળ્યો



છે. યશસ્વી જયસ્વાલે તાજેતરના ભૂતકાળમાં ટીમ ઈન્ડિયા માટે ત્રણેય ફોર્મેટમાં શાનદાર પ્રદર્શન કર્યુ છે. યશસ્વી જયસ્વાલે ઝિમ્બાબ્વે સામે રમાયેલી શ્રેણીમાં માત્ર ૩ મેચ રમી હતી. આ દરમિયાન તેણે ૭૦.૫૦ની એવરેજથી ૧૪૧ રન બનાવ્યા. શ્રેણીમાં સૌથી વધુ રન બનાવવાના મામલે તે બીજા સ્થાને હતો. આવી સ્થિતિમાં જયસ્વાલને હવે આઈસીસી રેક્રિંગમાં ચાર સ્થાનનો ફાયદો થયો છે અને તે હવે છઠ્ઠા સ્થાને પહોંચી ગયો છે. બીજી તરફ ઋતુરાજ ગાયકવાડે એક સ્થાન ગુમાવ્યું છે અને તે ૮મા સ્થાને સરકી ગયો છે. ઓસ્ટ્રેલિયાનો ટ્રેવિસ હેડ હજુ પણ નંબર વન પર અને સૂર્યકુમાર યાદવ બીજા નંબર પર યથાવત છે.

બોલરોની ટી ૨૦ રેક્રિંગમાં કુલદીપ યાદવ અને અક્ષર પટેલને ભારે નુકસાન થયું છે.

## ભારતીય ટીમના ખેલાડીઓએ દુલીપ ટ્રોફી સહિત ડોમેસ્ટીક ક્રિકેટ-માં રમવુ પડશેઃ બોર્ડનું ફરમાન

મુંબઈ,તા.૧૭
ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડીઓ માટે બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા તરફથી નવો ઓર્ડર આવ્યો છે. બોર્ડે ટીમ ઈન્ડિયાના સ્ટાર ખેલાડીઓને પણ ડોમેસ્ટિક ક્રિકેટ રમવા માટે કહ્યું છે. સેક્રેટરી જય શાહે સ્પષ્ટ કર્યું છે કે રાષ્ટ્રીય ટીમના ખેલાડીઓ જ્યારે પણ ફ્રી હશે ત્યારે ઘરેલુ ક્રિકેટ માટે ઉપલબ્ધ હોવા જોઈએ. જોકે, આમાં ત્રણ ખેલાડીઓને છૂટ મળી છે. અહેવાલ મુજબ, બીસીસીઆઈના સચિવ જય શાહે સ્પષ્ટ કર્યું છે કે જ્યારે રાષ્ટ્રીય ટીમના ખેલાડીઓ દેશ માટે નહીં રમે, ત્યારે તેઓએ ઘરેલુ ક્રિકેટ રમવા માટે ઉપલબ્ધ રહેવું પડશે.

રિપોર્ટમાં વધુમાં જણાવાયું છે કે બોર્ડ ઈચ્છે છે કે ટેસ્ટ ટીમના ખેલાડીઓ આગામી દુલીપ ટ્રોફીમાં ઓછામાં ઓછી એક મેચ રમે. ભારતે ઓગસ્ટમાં બાંગ્લાદેશ અને ન્યુઝીલેન્ડ સામે ટેસ્ટ સીરીઝ રમવાની છે. આવી સ્થિતિમાં ખેલાડીઓ દુલીપ ટ્રોફી માટે તૈયાર થશે.

આ નિર્ણય રોહિત શર્મા વિરાટ કોહલી અને જસપ્રિત બુમરાહ પર લાગુ નહીં પડે. બોર્ડે આ ત્રણ ખેલાડીઓને છૂટ આપી છે. બોર્ડનું કહેવું છે કે આ ત્રણેય ખેલાડીઓએ જાતે જ નક્કી કરવું જોઈએ કે તેઓ ઘરેલુ ક્રિકેટ રમવા માંગે છે કે નહીં. આનો સ્પષ્ટ અર્થ છે કે બોર્ડ આ ત્રણેય ખેલાડીઓ પર કોઈપણ પ્રકારનું દબાણ નહીં કરે.

અહેવાલમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે આ વખતે માત્ર ટીમ ઈન્ડિયાના પસંદગીકારો જ દુલીપ ટ્રોફી માટે પસંદગી કરશે. દુલીપ ટ્રોફી માટે કોઈ પ્રાદેશિક પસંદગી સમિતિ નથી.

આમાં ટેસ્ટ રમનારા તમામ ખેલાડીઓની પસંદગી કરવામાં આવશે. જોકે, તેઓ પોતે જ નક્કી કરશે કે રોહિત, કોહલી અને બુમરાહ આમાં રમવા માંગે છે કે નહીં. ગયા વર્ષે બીસીસીઆઈએ માત્ર શ્રેયસ અય્યર અને ઈશાન કિશનને ડોમેસ્ટિક ક્રિકેટ રમવા માટે કહ્યું હતું.

# રીલ બનાવવાના ચક્કરમાં ખાઈમાં કૂદી ગયું કપલ

પાલી, તા.૧૭

હાલના સમયમાં લોકોને રીલ બનાવવાનો ગાંડો ક્રેઝ જોવા મળી રહ્યો છે જેના કારણે તેઓ પોતાના જીવ પણ જોખમમાં મૂકતા ખચકાતા નથી.

ફોલોઅર્સ વધારવાની લ્હાયમાં ખતરનાક જગ્યાઓ પર રીલ બનાવવા માટે પહોંચી જાય છે અને પછી જીવ જોખમાય છે. થોડા સમય પહેલા જ રીલ બનાવવાના ચક્કરમાં એક છોકરી કાર સાથે ખાઈમાં પડી ગઈ હતી. હવે રીલ બનાવવાનો આવો જ એક વીડિયો વાયરલ થયો છે જેણે બધાના હોશ ઉડાવી દીધા છે.

ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરાયેલા આ વીડિયોમાં જોઈ શકાય છે કે એક કપલ રેલવે બ્રિજ પર ચડ્યું છે અને ત્યાં રીલ બનાવવા લાગ્યું. પરંતુ અચાનક ત્યાં ટ્રેન આવી ગઈ અને થોડે દૂર ઉભેલા લોકો બૂમાબૂમ કરવા લાગ્યા. જેવી કપલની નજર આ ટ્રેન પર પડી કે તેઓ ગભરાઈ ગયા અને ઉતાવળમાં સીધા પુલ પરથી છલાંગ લગાવી બેઠા.

આ ઘટના કેમેરામાં કેદ થઈ ગઈ. એવું કહેવાય છે કે આ વીડિયો રાજસ્થાનના પાલીનો છે. કપલને ખુબ ઈજા થઈ છે અને હાલ તેઓ સારવાર હેઠળ છે. અલગ અલગ સોશિયલ મીડિયા પ્લેટ-ફોર્મ પર આ વીડિયો ખુબ વાયરલ થઈ રહ્યો છે. આ વાયરલ વીડિયો રાજસ્થાના પાલી જિલ્લામાં આવેલા મિની કાશ્મીર તરીકે ઓળખાતા ગોરમઘાટનો હોવાનું કહેવાય છે. મીડિયા રિપોર્ટ મુજબ દર્દનાક અકસ્માતમાં પતિ રાહુલને સોજતથી જોધપુર રેફર કરાયો છે. બાગડીના કલાલ પિપલિયા રહીશ રાહુલ પત્ની જહાન્વી અને સાળી અને સાઢુભાઈ સાથે ગોરમઘાટ ફરવા પહોંચ્યા હતા. આ દરમિયાન ગોરમઘાટ રેલવે બ્રિજ પર સેલ્ફી લેવા માટે વચ્ચે રોકાઈ ગયા. જ્યારે સાળી અને તેનો પતિ આગળ વધ્યા. ચોમાસામાં અરાવલીની વાદીઓમાં હરિયાળી છવાઈ જાય છે. આવામાં પહાડી વિસ્તાર ગોરમઘાટનો નજારો જોવા જેવો હોય છે અને આ જ કારણે લોકોની અવરજવર વધી જાય છે.

રીલ બનાવવાનો શોખ કેટલો ભારે પડી શકે છે તે આ વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે. આ ભયાનક વીડિયોને જ જીફ્રજરૈહર્યેૈં નામના વ્યક્તિએ એક્સ પર શેર કર્યો છે. ગણતરીની પળોમાં આ વીડિયોને હજારો લોકોએ જોયો છે.



# બસો સળગાવી, રસ્તા રોક્યા, હિંસક વિરોધમાં ૬ના મોત...

## બાંગ્લાદેશમાં સરકારી નોકરીઓમાં અનામતના વિરોધમાં હજારો વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે

ઢાકા, તા.૧૭

બાંગ્લાદેશમાં સરકારી નોકરીઓમાં અનામતના વિરોધમાં ભારે વિરોધ થઈ રહ્યો છે. અનામત નાબૂદીની માંગ સાથે હજારો વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી રહ્યા છે. અનામત સામે ચાલી રહેલા આ વિરોધે હવે હિંસક સ્વરૂપ ધારણ કર્યુ છે. પોલીસ સાથેની અથડામણમાં ૬ લોકોના મોત થયા છે. તે જ સમયે, ૧૦૦ થી વધુ પ્રદર્શનકારીઓ ઘાયલ થયા હોવાનું કહેવાય છે. સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ છે કે ઢાકા સહિત બાંગ્લાદેશના અલગ-અલગ શહેરોમાં સ્કૂલ, કોલેજ અને મદરેસાઓ બંધ કરવી પડી છે. વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ સાથેની અથડામણમાં અત્યાર સુધીમાં જે છ લોકોના મોત થયા છે તેમાં ઢાકા, ચિત્તા ગોંગ અને ઉત્તર પશ્ચિમ રંગપુરના દેખાવકાર-ો નો સમાવેશ થાય છે. તેમની વચ્ચે ૩ વિદ્યાર્થીઓ છે. અનામત સામેના મોટા ભાગના આંદોલનો યુનિવર્સિટી કેમ્પસમાં થઈ રહ્યા છે. જેને ધ્યાનમાં રાખીને યુનિવર્સિટી-ની આસપાસ ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. સાવચેતીના પગલા તરીકે, અર્ધલશ્કરી દળ બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશ (બીજીબી) ના જવાનોને પણ ચાર મોટા શહેરોમાં તૈનાત કરવામાં આવ્યા છે.બાંગ્લાદેશના અલગ-અલગ શહેરોમાં ચાલી રહેલી હિંસાને કારણે ભીડભાડવાળી જગ્યાઓ પર પણ મૌન છે. એક દિવસ અગાઉ, અજાણ્યા વિરોધીઓએ મોલોટોવ કોકટેલ વિસ્ફોટકોનો ઉપયોગ કરીને બસોને આગ લગાડી હતી. ઘણા શહેરોમાં હિંસાના છૂટાછવાયા બનાવો પણ નોંધાયા હતા. બાંગ્લાદેશના શિક્ષણ મંત્રાલયે એક નિવેદન જારી કરીને કહ્યું કે, 'વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તમામ શાળાઓ, કોલેજો, મદરેસાઓ અને પોલિટેકનિક સંસ્થાઓને બંધ રાખવાના આદેશ આપવામાં આવ્યા છે.' વાસ્તવમાં, બાંગ્લાદેશના વિદ્યાર્થીઓ કહે છે કે વર્તમાન આરક્ષણ પ્રણાલી મોટાભાગે સરકારી સેવાઓમાં હોશિયાર વિદ્યાર્થીઓની નોંધણીને અટકાવી રહી છે.

# કોન્ટ્રાક્ટ પ્રથા નાબૂદ કરવાની અફવા પર સરકારની સ્પષ્ટતા

## સરકારી નોકરીને લઈને સ્પષ્ટતા કરતો પરિપત્ર જાહેર સંયુક્ત સચિવ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી

ગાંધીનગર , તા.૧૭

રાજ્યમાં સરકારી નોકરને લઈ એક સમાચાર વહેતા થયા હતા. જે પ્રમાણે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કોન્ટ્રાક્ટ પ્રથા નાબૂદ કરીને તેના સ્થાને કાયમી નોકરી આપવાની પ્રથા શરૂ કરવા માટે પહેલ કરી છે.

વર્ગ ૩ અને વર્ગ ૪માં અત્યાર સુધી કોન્ટ્રાક્ટ પધ્ધતિથી સરકારી અને અર્ધ સરકારી કચેરીમાં કર્મચારીઓની ભરતી કરવામાં આવતી હતી. હવેથી આ પ્રકારની ભરતી બંધ કરવા માટે મુખ્ય સચિવ રાજકુમારને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આદેશ કર્યો હોવાના સમાચાર વહેતા થયા હતા. જે અંગે સરકારી નોકરી પર કરેલા નિર્ણયના સમચારને લઈ સંયુક્ત સચિવ દ્વારા એક સ્પષ્ટતા કરવામાં આવી છે. તેમણે એક પરિપત્ર જાહેર કરી સરકારી નોકરીના કોન્ટ્રાક્ટ પ્રથા નાબૂત થવાની અફવા પર પૂર્ણ વિરામ લગાવ્યો છે.





પત્રમાં લખવામાં આવ્યું છે કે કેટલાક સમાચાર માધ્યમોમાં તથા સોશિયલ મીડિયામાં સરકારી દ્વારા વર્ગ-૩ અને વર્ગ-૪ સહિત કોન્ટ્રાક્ટથી થતી ભરતીઓના સ્થાને કાયમી ભરતી કરવાના તથા સરકારી ભરતીઓમાંથી કોન્ટ્રાક્ટ પ્રથા નાબુદ કરવા અંગે નિર્ણય લેવાયો હોવા બાબતના સમાચાર પ્રસિદ્ધ થયેલ છે, જે સંપૂર્ણ વેગળા છે. સરકાર દ્વારા આ બાબતે કોઈ નિર્ણય લેવામાં આવેલ નથી કે આ અંગે કોઈ સૂચના આપવામાં આવેલ નથી. આ અંગેની સરકારની હાલની નીતિ યથાવત છે.

# 'રાજકારણ શંકરાચાર્યનું ક્ષેત્ર નથી... આના પર બોલશો નહીં' : સંજય નિરુપમ

મુંબઈ, તા.૧૭

શિવસેના (શિંદે જૂથ)ના નેતા સંજય નિરુપમે જ્યોતિષ પીઠના શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી પર ટિપ્પણી કરતા કહ્યું કે રાજકારણ તેમનું ક્ષેત્ર નથી અને તેમણે તેના પર ટિપ્પણી કરવાથી બચવું જોઈએ.હકીકતમાં, સોમવારે સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી અને ઉદ્ધવ ઠાકરેની મુલાકાત બાદ જ્યોતિષ પીઠના શંકરાચાર્યએ કહ્યું કે તેઓ (ઉદ્ધવ) વિશ્વાસઘાતનો શિકાર થયા છે. હવે શિવસેનાના નેતાએ આ નિવેદન પર ટિપ્પણી કરી છે.સંજય નિરુપમે મંગળવારે મીડિયાને કહ્યું કે હું શંકરાચાર્યને કહેવા માંગુ છું, તમે ધર્મ અને આધ્યાત્મિકતા પર બોલો અને અમને માર્ગદર્શન આપો. તમે અમારા ધર્મગુરુ છો, પણ રાજકારણ પર બોલશો નહીં. આ તેમનું ક્ષેત્ર નથી. ''શંકરાચાર્યએ એમ પણ કહ્યું કે ઉદ્ધવ ઠાકરે સાથે છેતરપિંડી થઈ છે અને ઘણા લોકો તેનાથી નારાજ છે. તેમની વિનંતી મુજબ આજે હું તેમને મળ્યો હતો અને તેમને કહ્યું હતું કે જ્યાં સુધી તેઓ (મહારાષ્ટ્ર) ફરીથી મુખ્યમંત્રી નહીં બને ત્યાં સુધી લોકોની પીડા ઓછી નહીં થાય. નોંધનીય છે કે શંકરાચાર્યએ આ વર્ષની શરૂઆતમાં અયોધ્યામાં રામ મંદિરના અભિષેક સમારોહ માટેના આમંત્રણને ફગાવી દીધું હતું.સંજય નિરુપમે પણ કહ્યું કે તેઓ ઠાકરે છે. જેમણે (ભાજપ સાથે સંબંધો તોડીને) કોંગ્રેસ અને અવિભાજિત NCP સાથે જોડાણ કર્યું. સંજય નિરુપમ પર વળતો પ્રહાર કરતા શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે કહ્યું કે શંકરાચાર્ય જે કહી રહ્યા છે તેના પર જો કોઈને વાંધો હોય તો તેનો અર્થ એ છે કે તે હિન્દુત્વને સ્વીકારતો નથી.



# મહારાષ્ટ્રમાં ભાજપ ટેન્શનમાં : ચાર દિગ્ગજ નેતાઓએ અજિત પવારની પાર્ટી છોડી

મુંબઈ,તા.૧૭

આ વર્ષે દેશના અનેક રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. જેમાં મહારાષ્ટ્રનો સમાવેશ પણ થાય છે. ત્યારે હવે વિધાનસભાની ચૂંટણી પહેલા જ અજિત પવારની એનસીપી (એનસીપી)ને આંચકો લાગવા માડ્યાં છે. ચાર દિગ્ગજ નેતાઓએ એનસીપી છોડી દેતા મહારાષ્ટ્રમાં ભાજપ (ભાજપ) ટેન્શમાં આવી ગઈ છે.

એનસીપી નેતા અજિત પવારની મુશ્કેલીઓ વધી રહી છે. લોકસભા ચૂંટણીમાં તેમની પાર્ટીને રાયગઢમાં માત્ર એક બેઠક પર જ જીત મેળવી શકી હતી. આ હારને ભૂલીને પાર્ટીએ આગામી વિધાનસભાની ચૂંટણીની તૈયારી શરુ કરી દીધી હતી. જો કે ચાર મોટા નેતાઓએ પાર્ટી સાથે છેડો ફાડી નાખ્યો છે. પિંપરી ચિંચવડના ચાર ટોચના નેતાઓએ અજિત પવારની પાર્ટીને છોડી દીધી છે. આ ચારેય નેતા હવે શરદ પવારની પાર્ટીમાં સામેલ થઈ શકે તેવી અટકળો લગાવાઈ રહી છે. પિંપરી ચિંચવડ યુનિટના અધ્યક્ષ અજિત ગવહાણેએ પોતાનું રાજીનામું અજિત પવારને મોકલી દીધું છે.

આ ઉપરાંત વિદ્યાર્થી પાંખના વડા યશ સાને, પૂર્વ કાઉન્સિલર રાહુલ ભોસલે અને પંકજ ભાલેકર પણ પક્ષ બદલવાની તૈયારી કરી રહ્યા છે. આ રાજીનામા એવા સમયે આવ્યા છે જ્યારે એવા અહેવાલો છે કે અજિત પવાર કેમ્પના ઘણા ધારાસભ્યો અને નેતાઓ હવે શરદ પવારની પાર્ટીમાં સામેલ થઈ શકે છે. થોડા દિવસો પહેલા જ દિગ્ગજ ઓબીસી નેતા છગન ભુજબળે શરદ પવાર સાથે લાંબી મુલાકાત કરી હતી. આ બેઠકમાં અનામત સહિત અનેક બાબતો પર ચર્ચા થઈ હતી, પરંતુ અટકળો ચાલી રહી છે કે ભુજબળ અજિત પવારને છોડી શકે છે. આવી સ્થિતિમાં એનડીએમાં અજિત પવારની સ્થિતિ પણ નબળી પડશે અને તેઓ વિધાનસભા ચૂંટણીમાં વધુ બેઠકોની માંગ કરી શકશે નહીં.

નોંધનીય છેકે અજિત પવારે ગયા વર્ષે તેમના કાકા સામે બળવો કરીને એનસીપીના લગભગ ૪૦ ધારાસભ્યો સાથે સરકાર સાથે ગઠબંધન કરીને ડેપ્યુટી સીએમ બન્યા હતા.

# ચાંદીપુરા વાયરસનો કહેર, રાજ્યમાં આઠ બાળકોના મૃત્યુ

ગાંધીનગર, તા.૧૭

ગુજરાતમાં ચાંદીપુરા નામના વાયરસને કારણે ૮ બાળકોના મૃત્યુ થયાં છે. રાજ્યમાં ૮૫૦૦થી વધુ ઘરો અને ૪૭ હજારથી વધુ લોકોનું સ્ક્રીનીંગ કરવામાં આવી રહ્યુ છે. અત્યાર સુધીમાં ૧૫ શંકાસ્પદ કેસ નોંધાયા છે. આ વાયરસને કારણે ગુજરાત અને દેશની આરોગ્ય એજન્સીઓને એલર્ટ કરી દેવામાં આવી છે. આ વાયરસ હવે અમદવાદ અને પંચમહાલ સુધી પહોંચ્યો છે. ગુજરાતમાં ૬ જિલ્લામાં ચાંદીપુરા વાયરસનો કહેર વ્યાપી ગયો છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં શંકાસ્પદ ચાંદીપુરાનો કેસ આવ્યો છે. સાત વર્ષના બાળકને લક્ષણો દેખાતા દાખલ કરાયો હતો. અમદાવાદ સિવિલ માંથી સેમ્પલ લઈ લેબમાં મોકલાયા છે. દહેગામના અમરાજી મુવાડા ગામનો દર્દી દાખલ થયો છે. પંચમહાલમાં શંકાસ્પદચાંદીપુરાવાયરસથીએકબાળકનું મૃત્યુ નીપજ્યું હોવાની વિગતો મળી છે. ગોધરાના કોટડા ગામમાંથી શંકાસ્પદ ચાંદીપુરાનો કેસ મળ્યો હતો. જે બાદ વડોદરામાં બાળકીનું સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. હિંમતનગર સિવિલમાં શંકાસ્પદ ચાંદીપુરા વાઈરસના ૮ લોકોના સેમ્પલ પુણે ખાતે મોકલાયા હતા. જેમાથી ચાર બાળકોના રિપોર્ટ આવ્યા છે. આ ચાર રિપોર્ટમાંથી એક પોઝેટીવ અને ત્રણ નેગેટીવ આવ્યો છે. રિપોર્ટમાં અરવલ્લીના મોટા કંથારીયા ગામની ૬ વર્ષીય બાળકીનુ ચાંદીપુરા વાઈરસથી મૃત્યુ થયુ છે.

સાબરકાંઠા અરવલ્લી અને રાજસ્થાનના બાળકોના રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં અત્યાર સુધી ૬ બાળકોના મૃત્યુ થયાં છે અને હજી બે બાળકો સારવાર હેઠળ છે. મહેસાણા જિલ્લામાં વરેઠા, ડાભલામાં આ વાયરસના બે શંકાસ્પદ કેસ નોંધાતા બાળકોને વડનગર અને અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગની ટીમ હરકતમાં આવી છે અને બંને બાળકોના ઘર અને આસપાસના વિસ્તારમાં સરવેની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. હાલમાં બંને બાળકોના સેમ્પલ પુના લેબમાં મોકલાયા છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ચાંદીપુરા વાઈરસના કુલ ૧૫ દર્દી નોંધાયા છે. જેમાં ખેડા, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર અને રાજકોટ જિલ્લાનો સમાવેશ થાય છે.

રાજસ્થાનના બે અને મધ્યપ્રદેશના એક દર્દીનો પણ સમાવેશ થાય છે. ૧૫ દર્દીમાંથી ૮ બાળકોના મૃત્યુ થયા છે. રાજ્યમાં હાલ કેટલાક વિસ્તારમાં કોલેરાનો રોગચાળો પણ ફાટી નીકળ્યો છે તેની સામે પણ આરોગ્ય તંત્ર દ્વારા સતત હજ્જારો ઘરોમાં સર્વેલન્સ તથા નાગરિ-કોનું સ્ક્રીનિંગ તેમજ દવા છંટકાવની કામગીરી ચાલી રહી છે. અમદાવાદ સિવિલમાં સારવાર લઈ રહેલા દહેગામના અમરાજી મુવાડાના બાળકમાં શંકાસ્પદ લક્ષણ જણાતા સેમ્પ્ટલ તપાસ માટે મોકલાયા છે.

# કિમ કાર્દશિયે ઈસ્કોન મંદિરમાં ભગવાનના દર્શન કર્યા ,ભંડારામાં પીરસ્યું ભોજન



મુંબઇ,તા.૧૭

હોલિવૂડ સ્ટાર કિમ કાર્દશિયન પોતાની પહેન ક્લોઇ કાર્દશિયન સાથે હાલમાં જ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીના નાના દીકરા અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્નમાં સામેલ થવા માટે મુંબઇ આવી હતી. આ દરમિયાન કિમે પોતાના દેશી લુકથી લાઇમલાઇટ લૂંટી. અનંત-રાધિકાના લગ્ન અને શુભ આશીર્વાદ સેરેમની અટેન્ડ કર્યા બાદ તે પોતાની બહેન સાથે મુંબઇ ફરવા નીકળી હતી.

આ વચ્ચે કિમે મુંબઇના ઇસ્કોન મંદિરમાં ભગવાનના દર્શન પણ કર્યા. આ દરમિયાન તેની સાથે મંદિરમાં લાઇફ કોચ જય શેટ્ટી પણ હાજર હતાં. કિમે આ દરમિયાનની કેટલિક ખાસ તસવીરો ઇન્સ્ટાગ્રામ પર પણ શેર કરી છે. આ તસવીરોમાં કિમ અને તેની બહેન ક્લોઇ ભારતીય સંસ્કૃતિ, શ્રદ્ધા અને ભક્તિમાં લીન જોવા મળી. આ દરમિયાન આ વિદેશી હસીનાઓનો અલગ અંદાજ જોવા મળ્યો જે ભારતીય ફેન્સનું દિલ જીતવા માટે પૂરતો છે. મંદિર પરિસરમાં બંને બહેનો ભારતીય પરિધાન પહેરેલી જોવા મળી અને ઉપરથી પોતાને દુપટ્ટાથી ઢાંકતી જોવા મળી. બંને બહેનોએ ઇસ્કોન મંદિરમાં શ્રીરાધા -કૃષ્ણના દર્શન કર્યા અને સેવા પણ કરી.આ દરમિયાન કિમે મંદિરમાં દર્શન કરવાની સાથે બાળકોને ભોજન પણ પીરસ્યુ. આ તસવીરમાં કિમ અને તેની બહેન હાથમાં ડોલ લઇને બાળકોને ભંડારાનું ભોજન પીરસતી જોવા મળી રહી છે.

# ૪૩ દિવસનું લગ્નજીવન, અને છૂટાછેડા લેતા લાગ્યા ૨૨ વર્ષ

નવી દિલ્હી, તા.૧૭

એક ઐતિહાસિક ચુકાદામાં, સુપ્રીમ કોર્ટે એવા દંપતિને છૂટાછેડા આપવાનો આદેશ આપ્યો છે જે લગ્ન કર્યા પછી માત્ર ૪૩ દિવસ સાથે રહ્યું હતું. પરંતુ તેમને અલગ થવામાં ૨૨ વર્ષ લાગ્યા હતા. બંધારણના અનુચ્છેદ ૧૪૨ હેઠળ તેની વિશેષ શક્તિનો ઉપયોગ કરીને, કોર્ટે લાંબા સમય સુધી અલગ રહેવાને કારણે છૂટાછેડાના આદેશને મંજૂર કરવાની માંગ સ્વીકારી.

આ કપલે ફેબ્રુઆરી ૨૦૦૨માં લગ્ન કર્યા હતા. બંને મેડિકલ પ્રોફેશનલ્સ છે. જો કે, તે વર્ષે ૧૭ માર્ચે પત્ની તેના માતાપિતાના ઘરે ગઈ હતી. આ પછી, ૨૦૦૫ માં કોર્ટના આદેશ મુજબ, દંપતીને સમાધાન માટે ૨૦ દિવસનો સમય આપવામાં આવ્યો હતો પરંતુ તેમના સંબંધોમાં કોઈ સુધારો થયો ન હતો. ત્યારથી આ કપલ અલગ થઈ ગયું છે અને બંને પોતપોતાનું જીવન જીવી રહ્યા છે. લાંબા સમયથી અલગ રહેવાના કારણે લગ્ન તૂટી ગયા અને એ પણ સ્વીકાર્યું કે દંપતીમાં પતિ-પત્ની બંને આર્થિક રીતે સ્વતંત્ર છે, અને





**કોર્ટે લાંબા સમય સુધી અલગ રહેવાને કારણે છૂટાછેડાના આદેશને મંજૂર કરવાની માંગ આખરે સ્વીકારી હતી**

આવી સ્થિતિમાં કોર્ટે પત્નીને ભરણપ ોષણ આપવાનો ઈનકાર કર્યો હતો.

આ કપલ વચ્ચે અનેક પ્રકારની કાનૂની લડાઈ જોવા મળી હતી. ૨૦૦૨થી એકબીજા સામે ફોજદારી આરોપો સહિત છ કેસ નોંધાયા હતા. આ સતત સંઘર્ષ અને છૂટાછેડાના લાંબા ગાળાના કારણે સુપ્રીમ કોર્ટે તારણ કાઢ્યું કે લગ્ન સંપૂર્ણપણે તૂટી ગયા છે. જો કે, પત્નીએ સુપ્રીમ કોર્ટમાં દલીલ કરી હતી કે તેણે તેના પતિ સાથે સમાધાન કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ કોર્ટે આ દાવો સ્વીકાર્યો ન હતો.

સુપ્રીમ કોર્ટના જજે કહ્યું કે છેલ્લા ૨૨ વર્ષો દરમિયાન મહિલાને તેના પતિ સાથે સમાધાન કરવાની પૂરતી તકો મળી હતી. જોકે, પતિએ મહિલાના દાવાને ફગાવી દીધો હતો અને દલીલ કરી હતી કે તે કેસને લંબાવવા માટે કોર્ટમાં આવા દાવા કરી રહી છે. સુપ્રીમ કોર્ટે પતિની દલીલ સ્વીકારી અને કલમ ૧૪૨ હેઠળ વિશેષ સત્તાનો ઉપયોગ કરીને કોર્ટે તેમના છૂટાછેડાને મંજૂરી આપી.

# ભારે હલચલ વચ્ચે મોદીએ દિગ્ગજ નેતા સાથે કરી બેઠક

નવી દિલ્હી, તા.૧૭

ભાજપ દ્વારા લોકસભા ચૂંટણી -૨૦૨૪માં નબળા પ્રદર્શન અંગે હજુ પણ સમીક્ષાનો દોર ચાલી રહ્યો છે, ત્યારે ઉત્તર પ્રદેશ ભાજપના પ્રદેશ અધ્યક્ષ ભૂપેન્દ્ર ચૌધરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે એક કલાક બેઠક કરી છે. આ બેઠકમાં રાજ્યમાં ભાજપના કંગાળ પ્રદર્શન મુદ્દે ચર્ચાઓ થઈ છે. સૂત્રોના જણાવ્યા મુજબ બેઠકમાં ચૌધરીને પૂછવામાં આવ્યું છે કે, તમને જાણ હતી કે, ઉત્તર પ્રદેશમાં ભાજપને ઓછા મત મળવાના છે, પરંતુ આટલી ઓછી બેઠકો જીતીશું, તેવો કોઈ અંદાજો ન હતો. સમાજવાદી પાર્ટીને ૪૦ની આસપાસ બેઠકો મળવાની હતી, એવી કલ્પના પણ કરી ન હતી. આ આપણા માટે મોટો ઝટકો છે. મીડિયા અહેવાલો મુજબ, ભાજપના ટોચના નેતાઓ જુદાં જુદાં રાજ્યોના નેતાઓને મળીને લોકસભા ચૂંટણીમાં ખરાબ પ્રદર્શન સમીક્ષાઓ કરી રહ્યા છે અને આ નેતાઓ પાસેથી ચૂંટણીમાં નબળા પ્રદર્શન અંગે ફીડબેક મેળવી રહ્યા છે. આ પહેલા મંગળવારે (૧૬ જુલાઈ) ભાજપના ટોચના કેન્દ્રીય નેતાએ ઉત્તર પ્રદેશના નાયબ



મુખ્યમંત્રી કેશવ મૌર્ય અને ભાજપ અધ્યક્ષ ભૂપેન્દ્ર ચૌધરી સાથે મુલાકાત કરી ફીડબેક મેળવ્યું હતું. સૂત્રોના જણાવ્યા મુજબ મૌર્ય અને ચૌધરી સાથે જુદી જુદી બેઠકો યોજાઈ હતી, જેમાં રાજ્યમાં ભાજપના નબળા પ્રદર્શન પાછળ કાર્યકર્તાઓની અવગણના અને તંત્ર દ્વારા પાર્ટી વિરુદ્ધ કરાયેલા કામને જવાબદાર ઠેરવાયા છે. કુલ મળીને ભાજપે સમીક્ષા રિપોર્ટમાં હાર પાછળ તંત્રને જવાબદાર ઠેરવ્યું છે.

બીજીતરફ એવા અહેવાલો સામે આવ્યા છે. લોકસભા પરિણામોની સમીક્ષા કરવા માટે આ મહિનાના અંતે ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીની મોટી બેઠક યોજાશે. સૂત્રોના જણાવ્યા મુજબ આ બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, ભાજપ અધ્યક્ષ જે. પી.નડ્ડા, ગૃહમંત્રી અમિત શાહ પણ સામેલ થશે.

# ભારત વ્યૂહાત્મક ભાગીદાર અને અમેરિકા આ સહયોગ વધારવા તૈયાર

વોશિંગ્ટન,તા.૧૭

યુએસ ડિફેન્સ ડિપાર્ટમેન્ટ દરરોજ ભારત સાથેના સંબંધોની પ્રશંસા કરી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. પેન્ટાગોને ફરી એકવાર સ્પષ્ટ કર્યું કે ભારત વ્યૂહાત્મક સહયોગી છે અને અમેરિકા આ ભાગીદારીને વિકસાવવા માટે ઉત્સુક છે. પેન્ટાગોનના પ્રેસ સેક્રેટરી પેટ રાયડરે એક પ્રેસ કોન્ફરન્સમાં આ વાત કહી. એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું, 'ભારત વ્યૂહાત્મક ભાગીદાર છે. અમે આ ભાગીદારીને વધુ વિકસિત જોવા માંગીએ છીએ.

યુક્રેન-રશિયા સંઘર્ષ પર, રાયડરે કહ્યું, 'જ્યારે યુક્રેન અને રશિયાના ગેરકાયદે કબજા અને યુક્રેન પર હુમલાની વાત આવે છે. આખરે તે યુક્રેન પર નિર્ભર છે જ્યારે તે શાંતિ માટે વાટાઘાટો કરવા તૈયાર છે.

તેમણે ઉમેર્યું, 'અમારું ધ્યાન અત્યારે યુક્રેન સાથે કામ કરવા પર છે જેથી તેઓને તેમના દેશની રક્ષા કરવા, તેમની સાર્વભૌમત્વની રક્ષા કરવા અને તેમનો પ્રદેશ પાછો લેવા માટે જરૂરી મદદ મળે. જોકે, યુક્રેનને લગતા કોઈ નિર્ણય યુક્રેન વગર લઈ શકાય નહીં.

# વરસાદના કારણે શાકભાજીના ભાવમાં ભડકો

સુરત, તા.૧૭

ગુજરાતમાં છેલ્લા બે-ત્રણ દિવસથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે, રાજ્યમાં સતત પડી રહેલા વરસાદથી ખેડૂતોની શાકભાજીની આવક ઘટી છે અને છૂટક માર્કેટમાં માંગ વધી છે. અત્યારે સુરત શાકભાજી માર્કેટમાં દરેક શાકભાજીના ભાવમાં ૬૦ થી ૭૦ રૂપિયાનો વધારો ઝીંકાયો છે. અચાનક ભાવમાં ભડકો થતાં ગૃહિણીઓનું બજેટ પણ ખોરવાઈ ગયુ છે.

ગુજરાતમાં પડી રહેલા વરસાદથી શાકભાજી પકવતા ખેડૂતો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. હાલમાં સુરતમાં શાકભાજીના ભાવમાં ભડકો જોવા મળ્યો છે. વરસાદના કારણે શા-



કભાજીની આવક ઘટતા શાકભાજીના ભાવમાં ધરખમ ૬૦થી ૭૦ રૂપિયાનો વધારો ઝીંકાયો છે. અત્યારે ટામેટા, બટાટાથી લઇને લીંબુ સહિતના શાકભાજીના ભાવમાં વધારો આવ્યો છે. કહેવાઇ રહ્યુ છે કે, નવા પાકનો ઉતાર થયા બાદ ભાવમાં ઘટાડો થવાની શક્યતા છે. અચાનક શાકભાજીના ભાવ વધતા ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયુ છે.

સુરત શાકભાજી માર્કેટમાં અત્યારે ટામેટાં અને લીંબુના પ્રતિકીલોના ભાવ ૧૦૦ રૂપિયા નોંધાયો છે, તુવેર ૧૫૦ રૂપિયા, પાપડીના ભાવ ૧૮૦ રૂપિયા સુધી પ્રતિકીલોએ પહોંચ્યો છે. જ્યારે સુકુ લસણ પ્રતિકીલો ૨૪૦ રૂપિયાએ વેચાઇ રહ્યું છે. સુરત છઁસ્ઝમાં નાસિક અને બેંગ્લોરથી પણ શાકભાજીની આવક આવી રહી છે. જોકે, હવે નવા પાકનો ઉતાર થયા બાદ ભાવમાં ઘટાડો થવાની શકયતા છે.

**છૂટક બજારમા શાકભાજીના ૨ નંબરના માલનો ભાવ -**

ટામેટા - ૮૦ રૂપિયા, ટિન્સા - ૬૦ રૂપિયા, લીંબુ - ૮૦ રૂપિયા, કાકડી - ૪૦ રૂપિયા, રિંગણ - ૬૦ રૂપિયા, ફૂલાવર - ૮૦ રૂપિયા, દૂધી - ૫૦ રૂપિયા, તુરિયા - ૬૦ રૂપિયા, ભીંડા - ૬૦ રૂપિયા, વટાણા - ૧૨૦ રૂપિયા, પાપડી - ૮૦ રૂપિયા, પરવર - ૮૦ રૂપિયા, ગિલોડા - ૮૦ રૂપિયા, ગવાર - ૮૦ રૂપિયા, પાપડી - ૧૦૦ રૂપિયા


# ઉત્તરપ્રદેશ બાદ રાજસ્થાન ભાજપમાં મતભેદ

## ડેપ્યુટી સીએમ ધારાસભ્ય દળની બેઠકમાં સામેલ ન થયા

જયપુર,તા.૧૭

શું રાજસ્થાનમાં ભાજપમાં નારાજગી છે? ડેપ્યુટી સીએમ દિયા કુમારીના સ્ટેન્ડ પરથી આ સવાલ ઊભો થયો છે. નાયબ મુખ્યપ્રધાન હોવા છતાં, દિયા કુમારી પ્રથમ રાજ્ય કાર્ય સમિતિની બેઠકમાં ગેરહાજર રહી હતી, ત્યારબાદ તેઓ આજે ભાજપ વિધાનમંડળ દળની બેઠકમાં પણ આવ્યા ન હતા. જો કે દિયા કુમારી વતી કહેવામાં આવ્યું હતું કે તે અંગત કામમાં વ્યસ્ત છે. પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર તે સરકાર એટલે કે મુખ્યમંત્રી ભજનલાલ શર્માથી નારાજ હોવાનું કહેવાય છે. દિયા કુમારીને લાગે છે કે તેમનું કામ પૂરું થઈ રહ્યું નથી.

તમને જણાવી દઈએ કે જયપુરમાં ભાજપ કાર્યકારિણીની બેઠક યોજાઈ હતી જેમાં આગામી દિવસોમાં સરકાર અને સંગઠન વચ્ચે વધુ સારા સંકલન અને રોડ મેપ દ્વારા કાર્યક્ષમ સંચાલનના ઉદ્દેશ્ય પર ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત પાર્ટીના નારાજ નેતાઓને મનાવવાનો પણ આ પ્રયાસ માનવામાં આવી રહ્યો છે. પરંતુ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી દિયા કુમારી અને વરિષ્ઠ નેતા કિરોરી લાલ મીણાની બિન-ભાગીદારી રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બની હતી.



આ અંગે રાજકીય નિષ્ણાતો પોત પોતાના અર્થઘટન કરી રહ્યા છે.

જોકે, બાદમાં ખબર પડી કે દિયા કુમારી જયપુરની બહાર છે. આ કારણોસર તે બેઠકમાં ભાગ લઈ શકી ન હતી. પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજેએ પણ બેઠકના બપોર ના સત્રમાં ભાગ લીધો હતો. તે જ સમયે, તમને જણાવી દઈએ કે તાજેતરમાં જ, લોકસભા ચૂંટણીના પરિણામોમાં પોતાની નિષ્ફળતાને ધ્યાનમાં રાખીને, ભાજપના વરિષ્ઠ નેતા કિરોડી લાલ મીણાએ તેમના મંત્રી પદ પરથી રાજીનામું આપી દીધું હતું. કારોબારીની બેઠકમાં કિરોરી મીણાની ગેરહાજરી કોઈ મોટા રાજકીય વિકાસના સંકેત આપી રહી હોવાની રાજકીય ચર્ચા છે.

# આજે ભારતીય સ્વતંત્રતા અધિનિયમને સંમતિ પ્રાપ્ત થઈ






ભારતીય સ્વતંત્રતા અધિનિયમ ૫ જુલાઈ, ૧૯૪૭ના રોજ બ્રિટિશ સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો. તેને ૧૮ જુલાઈ, ૧૯૪૭ના રોજ તત્કાલિન બ્રિટિશ રાજા જ્યોર્જ છઠ્ઠા તરફથી શાહી સંમતિ મળી હતી. આ કાયદાએ બ્રિટિશ ક્રાઉનમાંથી ભારતના સમ્રાટ નું બિરુદ નાબૂદ કર્યું હતું. . દેશ આઝાદીને કાંઠે હતો એ વખતે એટલે કે ૧૮ જુલાઈ, ૧૯૪૭ના રોજ બ્રિટનની પાર્લામેન્ટનાં બંને ગૃહોએ એક ખરડો પસાર કર્યો હતો. બ્રિટિશ તાજની મંજૂરી મળતાં એ ખરડો કાયદો બન્યો હતો. જે હિંદ સ્વાતંત્ર્ય ધારા-ઇન્ડિયન ઇન્ડિપૅન્ડન્સ ઍક્ટ ૧૯૪૭ તરીકે ઓળખાયો હતો. જેમાં લૅપ્સ ઑફ પૅરામાઉન્સીની જોગવાઈ હતી. જેમાં લૅપ્સ ઑફ પૅરામાઉન્સીની જોગવાઈ હતી. જે અંતર્ગત રાજા-મહારાજાઓને બે વિકલ્પ અપાયા હતા. કાં તો તેઓની રિયાસત ભારત અથવા પાકિસ્તાન સાથે જોડાય અથવા તો સ્વતંત્ર રાષ્ટ્ર બને. ભારતના સ્વાતંત્ર્યને લગતો કાયદો. દ્વિતીય વિશ્વયુદ્ધની સમાપ્તિ (ઑગસ્ટ, ૧૯૪૫) બાદ હિન્દને સ્વાતંત્ર્ય આપવાની પ્રક્રિયા વિશેષ વેગીલી બની. હિન્દના મુખ્ય રાજકીય પક્ષોમાં એકતાના અભાવને લીધે તથા મુસ્લિમ લીગ પાકિસ્તાનની પ્રાપ્તિ માટે આગ્રહી હોવાને કારણે ભારતને અખંડિત રાખીને સ્વરાજ્ય આપવાની કૅબિનેટ મિશન યોજના નિષ્ફળ ગઈ. આ સંજોગોમાં લૉર્ડ વેવેલને સ્થાને માર્ચ, ૧૯૪૭માં ભારતના ગવર્નર જનરલ તરીકે લૉર્ડ માઉન્ટબેટનની નિયુક્તિ થઈ. આ સમયે ભારતના વિવિધ ભાગોમાં પાકિસ્તાનની તરફેણમાં ભયંકર કોમી દંગલો ફાટી નીકળ્યાં હતાં અને જાનમાલની પુષ્કળ પાયમાલી થઈ હતી. વચગાળાની સરકાર કાર્ય કરવા અસમર્થ બની હતી.આ પરિસ્થિતિમાં લૉર્ડ માઉન્ટ-બેટનને ભારતના ભાગલા અનિવાર્ય લાગ્યા. આ માટે કૉંગ્રેસના મુખ્ય નેતાઓએ પણ નાછૂટકે સંમતિ આપી. મુસ્લિમ લીગના સરનશીન મહમ્મદઅલી ઝીણાએ પણ બંગાળ તથા પંજાબના વિભાજન સાથેના ભારતના ભાગલા સ્વીકાર્યા. પરિસ્થિતિનો તાગ પામીને ગાંધીજીએ કહ્યું, ''એમ ન કહેવાઓ કે ગાંધી હિન્દના દેહછેદનનો પક્ષકાર હતો. પણ આજે તો સૌ કોઈ સ્વાતંત્ર્યને માટે અધીરું બન્યું છે એટલે બીજો કશો ઉપાય નથીપજે વસ્તુ સ્વતઃ બૂરી હતી તે લાગતા-વળગતા પક્ષોએ તેનો સ્વીકાર કર્યા પછી સારી બની જતી નથી, પછી ભલે સ્વીકાર કરવાને પ્રેરનારાં કારણો દરેક દાખલામાં જુદાં જુદાં હોય.''(પ્યારેલાલ : મહાત્મા ગાંધી પૂર્ણાહુતિ, પૃ. ૨૬૮ અને ૩૭૮). જુલાઈની ત્રીજીએ (૧૯૪૭) માઉન્ટબેટને ભાગલાની યોજનાને આખરી સ્વરૂપ આપ્યું. બ્રિટિશ સંસદે તે ૧૮ જુલાઈ ૧૯૪૭માં હિંદ સ્વાતંત્ર્ય પ્રસ્તાવ તરીકે પસાર કરતાં તથા તેને તુરત તાજની મંજૂરી મળતાં તેને હિન્દ સ્વાતંત્ર્ય ધારા તરીકે પ્રસિદ્ધ કરવામાં આવ્યો. આ અધિનિયમની મુખ્ય જોગવાઈઓ અનુસાર દેશનાં ભારત અને પાકિસ્તાન એવાં બે સ્વતંત્ર રાષ્ટ્રો ૧૫મી ઑગસ્ટ ૧૯૪૭થી અસ્તિત્વમાં આવ્યાં. પાકિસ્તાનમાં સરહદ પ્રાંત, બ્રિટિશ બલુચિસ્તાન, સિંધ, પશ્ચિમ પંજાબ તથા પૂર્વ બંગાળનો જ્યારે બાકીના પ્રદેશોનો ભારતમાં સમાવેશ કરવામાં આવ્યો. બંને રાષ્ટ્રોનાં મધ્યસ્થ ધારાગૃહોએ એકી સાથે બંધારણ સભાની તેમજ ધારાસભાની કામગીરી કરવાની હતી. ૧૫મી ઑગસ્ટ, ૧૯૪૭થી બંને રાષ્ટ્રો પરથી તેમજ ભારતનાં દેશી રાજ્યો પરથી બ્રિટિશ સાર્વભૌમત્વનો અંત આવ્યો. દેશી રાજ્યોને બંનેમાંથી એક રાષ્ટ્ર સાથે જોડાવાની કે અલગ રહેવાની છૂટ આપવામાં આવી. બંને રાષ્ટ્રોની સરહદો, મિલકતની વહેંચણી, લશ્કરનું વિભાજન વગેરે અલગ અલગ પંચોની નિયુક્તિ દ્વારા નિશ્ચિત કરવાનું સૂચવવામાં આવ્યું. બંને રાષ્ટ્રોમાં ગવર્નર જનરલ નિયુક્ત કરવાનું, પરંતુ તેનું સ્થાન માત્ર બંધારણીય રાખવાનું ઠરાવવામાં આવ્યું. ભારત સરકારની જુદી જુદી સેવાઓના અધિકારીઓ તથા કર્મચારીઓના હકોનું રક્ષણ કરવાની તેમજ તેમની સેવાઓ ચાલુ રાખવાની ખાતરી આપવામાં આવી.

CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE

# અને ભુજોડી ઓવરબ્રીજ પરથી એ..એ..એ ટ્રક નીચે ખાબકી



ભુજ તા.૧૭

ભુજોડી ઓવરબ્રીજ બનવાથી લઇ હજુ કોઇને કોઇ કારણોસર ચર્ચાનુ કેન્દ્ર રહ્યો છે ત્યારે વધુ એક દુર્ઘટનાને કારણે ભુજોડી બ્રીજ ફરી ચર્ચામાં આવ્યો છે. અને તેની સલામતીને લઇને સવાલો ઉભા થયા છે. વાત જાણે એમ છે કે મંગળવારે મોડી રાત્રે એક ટ્રક ૪૦ ફુટ કરતા વધુ ઉંચાઇએથી નિચે ખાબક્યો હતો જો કે સદ્દનશીબે રાત્રે બનાવ બન્યો હોવાથી કોઇની અવરજવર ન હતી તેથી કોઇને ઈજા પહોંચી ન હતી અને ડ્રાઈવરનો પણ ચમત્કારીક બચાવ થયો હતો. ગઈકાલે રાત્રે ભુજ તર-ફથી આવતી ટ્રક ભુજોડી બ્રિજ ચડી અને અધવચ્ચે પહોંચતા ચાલકે કાબુ ગુમાવતા ટ્રક રેલીંગ તોડીને નીચે ખાબકી હતી. જેમાં ટ્રકના ભૂક્કા બોલી ગયા હતા સાથે નીચે આવેલી દુકાનમાં પણ વ્યાપક નુકશાન પ હોચ્યુ હતું. આ બનાવમાં ઈજાગ્રસ્ત ડ્રાઈવરને સારવાર માટે જી.કે. માં લઈ જવામાં આવ્યો હતો અને તેનો આબાદ બચાવ થયો હતો. આટલા ઉંચા બ્રીજ પરથી ટ્રક નીચે પટકાતા ટ્રકના ટુકડા થઇ ગયા હતા તો નીચે આવેલી જય બજરંગ નામની દુકાનના પતરા તુટી ગયા હતા સાથે દિવાલ પડી ગઈ હતી. ટ્રકના સ્પેર પાર્ટ ચોમેર વિખેરાઈ ગયા હતા.બે ટાયર તો બ્રિજની દિવાલ પર જ લટકી ગયા હતા. અકસ્માત બાદ ટ્રકની ડીઝલ ટાંકી તુટી જતા તેનુ ખાબોચીયું ભરાઈ ગયું હતું.અકસ્માત સંદર્ભે પોલીસે તપાસ આંરભી છે. આ વિસ્તારના પંચાયતના પુર્વ સદસ્ય રાજેશ આ-હીરે આ અકસ્માત બાદ સુરક્ષાને લઈને સવાલો ઉઠાવ્યા છે. અને બ્રીજની ઉંચાઇ મુજબ રેલીંગ નહી પરંતુ દિવાલ થાય તેવી માંગ કરી હતી. સાથે કોન્ટ્રાક્ટ નિયમો સામે સવાલો ઉભા કર્યા હતા ભવિષ્યમા આવા અકસ્માત ન સર્જાય તે માટે બ્રીજની પુરતી સુરક્ષા મુજબનુ કામ થાય તેવી માંગણી કરી હતી. માર્ગ અને મકાન વિભાગ દ્વારા યોગ્ય તપાસ કરી અહી મજબુત દિવાલ બનાવાય અથવા અન્ય મજબુત વ્યવસ્થા ઉભી કરાય તે જરૂરી છે.

# બ્લેક સ્ટોન ખનિજ પર પર્યાવરણ ક્લીયરન્સ પ્રક્રિયા સરળ બનાવવા રજુઆત

**ગાંધીધામ ચેમ્બરની રાજયના મુખ્યમંત્રી સમક્ષ રજુઆત વિકાસની ગતિ મંદ પડવાની ભીતિ વ્યક્ત કરી કચ્છમાં અનેક પ્રકલ્પો શરૂ થવા સમયે જ ગ્રહણ કચ્છમાં અચાનક લીઝ રદ કરી દેવાતાં સરહદી અને વિશાળ જિલ્લા કચ્છમાં વિશ્વના સહુથી મોટા ઉર્જા પાર્ક સહિતના ઉદ્યોગને ફટકો**

ભુજ તા.૧૭

૨૦૦૧ ના ભૂકંપ પછી ટેક્સ હોલીડેનો લાભ લઇ અનેક ઉદ્યોગો અહિં સ્થાપિત થયા છે અને તેને અનુલક્ષીને પોર્ટ આધારિત ઉદ્યોગો સાથે અનેકવિધ ઉદ્યોગો કચ્છમાં આવવા આશાભરી મીટ માંડીને બેઠા છે એવા સમયે તાજેતરમાં રાજય સરકાર દ્વારા, ખનિજ લીઝ ધારકોને એન્વાયરમેંન્ટ સર્ટિફિકેટના નામે અચાનક અટકાવી દેવાતાં, વિકાસની ગતિ મંદ થવા સાથે નવા આવનારા ઉદ્યોગો અને તેને સંલગ્ન રોજગાર-વ્યવસાય પર તેની વિપરિત અસર પડવાની સંભાવના વ્યક્ત કરાતાં, ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજયના મુખ્યમંત્રી,વન અને પર્યાવરણ મંત્રી તથા કચ્છના સાંસદ સહિત, અંજાર-ગાંધીધામના ધારાસભ્યોને આ પ્રશ્ન ઉપાડી તેનો તાત્કાલિક સરળ ઉકેલ લાવવા પત્ર પાઠવી અપીલ કરાઇ છે. ગાંધીધામ ચેમ્બર પ્રમુખ મહેશ પુજે પત્રની વિગત પાઠવતાં જણાવ્યું હતું કે,અત્રે મળેલ વિવિધ એસોસીએશનોની રજુઆત અનુસાર કચ્છમાં અચાનક લીઝ રદ કરી દેવાતાં સરહદી અને વિશાળ જિલા કચ્છમાં વિશ્વના સહુથી મોટા ઉર્જા પાર્ક,તુણા સ્થિત ડી.પી વર્લ્ડ આધારિત મેગા કન્ટેનર ટર્મિનલ પોર્ટ સહિત કંડલા પોર્ટની જેટીઓ, ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામો તેમજ દેશના જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સ્વપ્ન સમાન ગ્રીન હાઇડ્રોજન પ્રોજેક્ટ, આવાસ યોજનાઓ,રાષ્ટ્રીય-રાજય ધોરી માર્ગો જેવા કાર્યો કે જે વિકાસને સીધી રીતે સ્પર્શે છે, તે સદંતર ઠપ્પ થઇ જવાની સંભાવના વ્યક્ત કરી આ બાબતે ઉચિત અને સમયસર નિર્ણય લેવા અપીલ કરાઇ છે.

ચેમ્બરના પૂર્વ પ્રમુખ તેજા કાનગડે આ તબક્કે જણાવેલ કે,ખાસ કરીને પૂર્વ કચ્છમાં માટી અને મીનરલ્સની મોટી માત્રામાં લીઝ આવેલ છે અને અહીં જ મોટા મોટા ઉદ્યોગગૃહો ધમધમી રહ્યા છે વાયબ્રન્ટ ગુજરાત કે વાયબ્રન્ટ કચ્છ જેવા કાર્યક્રમો યોજી ઉદ્યોગગૃહોને ખૂબ મોટું રોકાણ કરવા પ્રેરિત કરાઇ રહયા છે, અને તેનાથી રોજગારીની સમસ્યા પણ સ્થાનિકે હલ થવા સાથે અર્થતંત્ર પણ દોડતું થયું છે તેવા સમયે ખનિજ ઉદ્યોગોને સ્પર્શતી સમસ્યાઓ જો સમયસર ઉકલાશે નહિં તો સીધી અને આડકતરી રીતે કચ્છ સાથે રાજયના વિકાસને અને અર્થતંત્રને પણ મોટો, ફટકો પડી શકે છે, તેવી દહેશત વ્યક્ત કરી હતી.

ચેમ્બરના માનદ મંત્રી મહેશ તિર્થાણીએ પત્રની પૂરક વિગત પાઠવતાં જણાવ્યું હતું કે, કચ્છમાં વિપુલ પ્રમાણમાં બ્લેસ્ટ્રેપ,ચાઇનાક્લે,સાદી રેતી,બ્લેક અને વ્હા-ઈટ ક્લે, સીલીકસન ગ્રેવલ, હાર્ડ અને સાદી મોરમ, બોક્સાઈટ, બેન્ટોનાઈટ, લીગ્નાઈટ, ઝીપ્સમ, ફાયર ક્લે,માર્બલ લાઈમ સ્ટોન, વગેરે જેવા અનેક પ્રકારની મહત્વની ખનિજ સંપતિઓ ધરતીમાં ધરબાયેલી છે અને તેનું ઉત્ખન્ન સાથે રાજયને પણ તેની રોયલ્ટી સ્વરૂપે અધધ આવક મળી રહી છે. કચ્છ જિલ્લામાં પણ અનેક મોટા પ્રોજેક્ટો જેવા કે પાઈપ કોટીંગ, ટેક્ષટાઈલ,ઈલેક્ટ્રોનિક્સ, ડ્રગ્સ એન્ડ કેમિકલ્સ, સ્ટીલ, કોક પાઈપ, સિમેન્ટ ઈત્યાદિ વપરાયા સિવાય દુબઇ, મલેશિયા, ઈરાન, ઈરાક, શ્રીલંકા, જાકાર્તા જેવા દેશોમાં તેલના સાર અર્થે કે વપરાશના અન્ય કાર્યોમાં તેની નિકાસ પણ થાય છે, તો મહાબંદરો સાથે કંડલા અને મુન્દ્રાના સ્પેશિયલ ઈકોનોમિક ઝોનના કારણે પણ અનેક નવા ઔદ્યોગિક એકમો અવિરત કચ્છમાં આવી રહ્યા છે. સાથે શહેરી વિસ્તારોનો વ્યાપ વધતાં વિકાસ સાથે બાંધકામ પ્રવૃતિઓ પણ વિકસી રહી છે. ફલોરીંગ ટાઈલ્સ, ટોઈલેટ સોપ્સ, સિરામીક જેવા ઉદ્યોગોને મોરબી ખાતે કચ્છ કાચો માલ પુરો પાડે છે અને જેનો નિકાસ અત્રેથી થઇ રહયો છે, ઉદ્યોગ ક્ષેત્ર પણ મોખરાનું સ્થાન હાસિલ કરનાર કચ્છને, પહેલાં નમક ઉદ્યોગ અને ત્યારબાદ ખનિજ ઉદ્યોગ પર અચાનક બ્રેક લાગતાં આ પ્રક્રિયામાં ગેરકાયદેસર લીઝ રદ થવા સાથે કાયદેસર લીઝ માટેની કાર્યવાહી સરળ બનાવવા રોયલ્ટી કે દંડ વસુલી કરોડોની કિંમતના આ કારોબારને સતર્કતા, સુદ્ધ અને પુરતા વહીવટી માળખા સાથે કાર્યરત કરી સત્વરે તેનો ઉકેલ લાવવા રાજય પ્રશાસન સમક્ષ અપીલ કરાઇ છે.

# અંજાર ચોરીના ગુનાનો ભાગેડુ આરોપી આદીપુરમાં ઝડપાયો



ગાંધીધામ તા.૧૭

છેલ્લા આઠ માસથી અંજાર પો.સ્ટે.ના ચોરીના ગુનામાં સંડોવાયેલ નાસતા ફરતા આરોપીને પૂર્વ કચ્છ પેરોલ ફર્લો સ્કવોડ,ગાંધીધામ દ્વારા ઝડપી પડાયો હતો.

નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા પોલીસ વડાઓએ આપેલ સુચના આધારે પેરોલ ફર્લો સ્કવોડ નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા પ્રયત્નશીલ હતી, તે દરમ્યાન મળેલ બાતમી આધારે અંજાર પો.સ્ટે.ના ચોરીના ગુનાનો આરોપી દયારામ કાનજી કોલી(રહે.મેઘપર કુંભારડી અંજાર, મુળ રહે.વલમપર રાપર)ને મુદ્રા સર્કલ આદિપુર ખાતેથી પકડી પાડી આગળની કાર્યવાહી માટે અંજાર પોલીસ મથકે સોંપવામાં આવ્યો હતો. આ કામગીરી પેરોલ ફર્લો સ્કવોડના પોલીસ સબ ઈન્સપેક્ટર આર.બી.રાણા, હે.કો.સંજયદાન ગઢવી, કો.સંજય પરમાર તથા ર્કિતીસિંહ વાઘેલા દ્વારા કરવામાં આવી હતી.

# સરકારી ઈફકો ડીએપી ખાતરનો બીલ વગરનો ૬.૮૮ લાખનો જથ્થો પકડાયો



## ટ્રક સહિત રૂ.૨૬.૮૮ લાખના મુદામાલ સાથે પાટણ જિલ્લાના શખ્શને ઝડપતી સરહદી રેન્જ પોલીસ

ભુજ તા.૧૭

સરહદી રેન્જમાં ચાલતી ગેર કાયદેસરની પ્રવૃતી નેસ્ત નાબુદ કરવા પોલીસ વડાની સુચના અન્વયે સાયબર ક્રાઈમ પો.સ્ટે.ના કર્મચારીઓ પૂર્વ કચ્છ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા, તે દરમ્યાન પો સબ ઈન્સ વાય.કે.ગોહિલને મળેલી ખાનગી બાતમી આધારે સામખીયારી રાધનપુર હાઈવે પર આધોઈ પાટીયા ખાતે આવેલ ભારત હોટલ પાસે ઉભેલી એક ટાટા કંપનીના ટ્રકમાથી ઈફકો કંપનીનો સરકારી ડીએપી ખાતરનો બીલ વગરનો જથ્થો જેની ઉપર પધાનમંત્રી જન ઉરર્વક પરિયોજના ભારત ડીએપી ઈફકો કંપની લખેલ બાચકા નંગ ૨૩૧ જેની એકની કિંમત રૂ.૨,૯૮૨ લેખે ૬,૮૮,૮૪૨ સાથે ટાટા કંપનીની ટ્રક કિં. રૂ.૨૦,૦૦૦,૦૦ એમ કુલ્લ ૨૬,૮૮,૮૪૨ નો મુદામાલ જપ્ત કરી આરોપી ધોના ભાઈ વશરામ ભરવાડ રહે વાહીદા પુરા જિ.પાટણની ધરપકડ કરી લાકડીયા પો.સ્ટે. ખાતે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

આ કામગીરી સરહદી રેન્જના પો.ઈન્સ. એલ.પી. બોડાણાના માર્ગદર્શન હેઠળ સબ ઈન્સ. વાય. કે. ગોહિલ તથા સ્ટાફના માણસો દ્વારા કરવામાં આવી હતી.

# સામખિયાળી ઘરમાં રાખેલા ૧.૧૭ લાખના દારૂ સાથે શખ્શ પકડાયો



ગાંધીધામ તા.૧૭

પુર્વ કચ્છ ગાંધીધામ એલ. સી.બી.એ સામખિયાળી વિસ્તારમાંથી ૧.૧૭ લાખના દારૂ સાથે એક ઈસમને ઝડપી પાડ્યો હતો. પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારની જિલ્લામાં પ્રોહીબીશનની પ્રવૃત્તિ નેસ્ત નાબુદ કરવા સુચના અન્વયે એલ.સી.બી. પોલીસ ઈન્સપે. એન.એન.ચુડાસમાની આગેવાનીમાં ટીમ સામખ્યાળી પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન તેમને મળેલી બાતમી આધારે સામખિયાળીના પાણીના ટાંકા વિસ્તારમાં આરોપી ઘનશ્યામસિંહ રામસંગસિંહ રાજપુતએ પોતાના ભોગવટાના મકાનમાં રાખેલી વિદેશી દારૂની બોટલો નંગ-૩૩૬ કિ.રૂ. ૧,૧૭,૬૦૦ નો પ્રોહીબીશનનો મુદ્દામાલ મળી આવતાં આરોપીને પકડી પાડી કાયદેસરની આગળની કાર્યવાહી માટે સામખ્યાળી પોલીસ સ્ટેશનને સોંપવામાં આવેલ છે.

આ સંદર્ભે સામખીયાળીના અન્ય બે શખ્શો પ્રભુ જીવા આહિર અને વાલજી આહિરના નામ ખુલ્યા હતા, જે હાજર મળ્યા ન હતા. આરોપી પાસેથી મોબાઈલ ફોન નંગ-૩ કિ.રૂ. ૭૦,૦૦૦ સહિત કુલ્લ ૧,૮૭,૬૦૦ નો મુદામાલ હસ્તગત કરાયો હતો. આ કામગીરી લોકલ કાઈમ બ્રાન્ચનાં પોલીસ ઈન્સપેકટર એન.એન.ચુડાસમા, સબ ઈન્સપેક્ટર એમ.વી.જાડેજા તથા એલ.સી.બી.સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

# અંતે નીતા ચૌધરી જેલ હવાલે....
# પણ કેમ મોંઘેરી લાઈફ સ્ટાઈલની તપાસ નહી.?

**નીતા ચૌધરી અંગે ભલે પોલીસ નિષ્પક્ષ તપાસની વાત કરી રહ્યા છે. પરંતુ પોલીસ વિભાગ જ્યા સમગ્ર જીલ્લાની ગતિવિધી પર નજર રાખતા હોય તેવામાં નીતા ચૌધરીની લક્ઝરિયસ લાઇફ સ્ટાઇલ પોલીસના ધ્યાને ન આવી અને હવે જ્યારે ગુન્હેગાર સાથે તેની મિલીભગત ખુલી છે ત્યારે કેમ પોલીસ તેની આવકના સ્ત્રોત અંગે તપાસ કરતી નથી તે મોટો સવાલ છે**



ભુજ તા.૧૭

પોતાના પર લાગેલા ગંભીર ગુન્હા કરતા વધુ તેની લાઈફસ્ટાઈલ અને ઈન્સ્ટા પરના વિડીયોને કારણે મિડીયામાં વધુ ચર્ચામાં રહેલી નીતા ચૌધરી અંતે જેલહવાલે કરાઈ છે. ૩૦ તારીખે બનેલા બનાવમાં અનેક ઉતાર-ચડાવ આવ્યા અને પોલીસ સામે સવાલો પણ અનેક ઉભા થયા જેના જવાબ પોલીસ હજુ સુધી આપી શકી નથી.જો કે અહી સૌથી અગત્યની વાત એ છે કે એક કોન્સ્ટેબલ હોવા છંતા તે એકે સેલેબ્રીટી જેવુ જીવન જીવતી હતી અને તેનો પ્રચાર પણ જગજાહેર કરતી હતી પરંતુ તેમ છંતા પોલીસના ધ્યાને તે ન આવ્યુ તે નવાઈ પમાડે તેવી વાત છે. માની લઈએ કે સ્થાનીક પોલીસના ધ્યાને તે ન આવ્યુ પરંતુ તે જે જગ્યાએ ફરજ બજાવતી હતી તે સી.આઈ.ડી ક્રાઈમ ખાસ કરીને મહત્વના આર્થીક ગુન્હાઓ બાબતની તપાસ માટે ખાસ કામ કરે છે ત્યારે તેના ધ્યાને આ વાત ન આવે તે ખરેખર આશ્ચર્ય પમાડે તેવી વાત છે અને કાયદો વ્યવસ્થા સામે અનેક સવાલો ઉભા કરે તેમ છે. જો કે હજી પણ મોડુ થયુ નથી તેમ સ્થાનીક પોલીસથી લઈ એસીબી સુધીની એજન્સીઓને આમા કાઈ શંકાસ્પદ લાગતુ નથી કે એક કોન્સ્ટેબલ હોવા છંતા કઇ રીતે તે આ પ્રકારનુ જીવન જીવી શકે? ત્યારે ખરેખર આ મામલાની તપાસ થાય તો મોટુ કૌભાડ સામે આવે તેમ છે પરંતુ પહેલાથીજ પોલીસની ઢીલી નીતી આ કિસ્સામાં ઉંડાણ પુર્વકની તપાસ નહી જ થાય તે તરફ અંગુલીનિર્દેશ કરે છે. કેમકે પહેલાથીજ પોલીસની કાર્યદક્ષતા પર આ કિસ્સો અનેક સવાલો ઉભા કરે છે. એક લીસ્ટેડ બુટ-લેગર સાથે સીઆઇડી ક્રાઇમમાં ફરજ બજાવતી મહિલાના આટલા ઘનિષ્ઠ સંબધો છે તેનાથી પોલીસની અજાણતા ત્યાર બાદ કોર્ટથી લઇ રીમાન્ડ દરમ્યાન પોલીસ સામે ઉભા થયેલા સવાલો અને ત્યાર બાદ જામીન લઇ મહિલાનુ અચાનક ગુમ થઇ જવુ પોલીસની નિષ્ક્રિય કામગીરી માટે આ બાબતો પુરતી છે.જો કે ત્યાર બાદ એટીએસ જેવી મહત્વની બ્રાન્ચ આ કિસ્સામાં ભુમીકા ભજવે તે મહત્વની વાત ગણી શકાય કેમકે સામાન્ય આવા કિસ્સામાં રાજયની મહત્વની એજન્સીઓ રસ દાખવતી નથી અને જો એવુજ હોત તો સોપારીકાંડના ફરાર બે આરોપી અત્યાર સુધી પકડાઇ ગયા હોત પરંતુ હવે જ્યારે નીતા ચૌધરી ફરી પકડાઇ ગઇ છે ત્યારે તેની ઉંડાણ પુર્વકની તપાસ થાય તે જરૂરી છે.

## રોયલ લાઈફને રોયલ પર્સનાલિટી

ગુજરાતના મસહુર ગાયક ગીતા રબારીનુ ગીત યાદ છે ને રોયલ લાઈફને રોયલ પર્સનાલિટી વટથી જીવે છે. મોજીલી જીદંગી બસ ગીત ની આ કડી નીતા ચૌધરી પર બંધ બેસે છે. કેમકે એક કોન્સ્ટેબલ હોવા છંતા તે મોંઘીદાર વસ્તુઓ સાથે ધણા લાંબા સમયથી ઈન્સ્ટાગ્રામ પર રીલ બનાવે છે અને તેને લાખો લોકો લાઈક કરે છે. હા વિવાદ પછી તેના ચાહકો વધ્યા છે. પરંતુ આટલી મોટી ઈન્સ્ટા સેલીબ્રીટી પોલીસ વિભાગમાં હોવા છંતા પોલીસને તેની ભનક સુધા ન હતી માની લઈ કે અંગત જીવનમાં તે કદાચ આર્થીક રીતે સંપન્ન હશે પરંતુ તેની તપાસ થાય ત્યાર જ ખબર પડે પરંતુ એક કોન્સ્ટેબલ આટલુ વૈભવી જીવન જીવતી હોય અને કોઈ વિભાગ તેની તપાસ ન કરે તે તો નવાઈ પમાડે તેવી વાત છે સામાન્ય લોકો પણ આને લઈને ચર્ચા છે. જો કે વાત નીતાના વૈભવી જીવનની છે તો બ્રાન્ડેડ વસ્તુઓની શોખીન નીતા ચૌધરી બીજી વાર પકડાઇ ત્યારે પણ તેના કપડા અને બુટની કિંમતને લઈને સામાન્ય લોકોએ સવાલો ઉભા કર્યા હતા.

## શુ કોઈ એજન્સી શરમ મુકી તપાસ કરશે ?

કોઇ તેની અંગત લાઈફમાં શુ કરી રહ્યુ છે તેના પર દખલ દેવાનો કોઈ અધિકારી કોઇને નથી પરંતુ પોલીસ પર કાર ચડાવવાનો ગંભીર ગુન્હો પોલીસમાં હોવા છંતા દારૂબંધીના લીરા ઉડાડી બુટલેગર સાથે દારૂની ખેંપમાં જ્યારે કોઇ પકડાતુ હોય અને તે પણ મહિલા અને ત્યાર બાદ પણ જો તેની સામે કડક કામગીરી કરી તેની સામે કાર્યવાહી માટે પોલીસ શરમ અનુભવતી હોય તો શુ સમજવુ તે પ્રશ્ન ચોક્કસ થાય કેમકે માત્ર મોંઘી કાર,કપડા જ નહી પરંતુ હરવા-ફરવાથી લઇ તમામ મોંઘા શોખ ધરાવતી હતી. નીતા ચૌધરી ત્યારે ખરેખર તેના ગુન્હાઈત ઈતિહાસ તો ઠીક છે, પરંતુ આવી વૈભવી લાઈફ જીવવા માટેનુ તેનુ આર્થીક પાસુ તપાસવામાં આવે તે જરૂરી છે. હાલ તો સ્થાનીક પોલીસની લાંબી શોધખોળ પછી રાજ્યના ત્રાસવાદી દળએ લિંબડી નજીકથી તેને પકડી હતી જે બાદ પોલીસે કબ્જો લઇ તેને જેલહવાલે કરી છે. સામાન્ય કિસ્સામાં આવા ગંભીર ગુન્હામાં મદદગારી કરનાર સામે કાર્યવાહીનો રીવાઝ પોલીસ વિભાગમા છે પરંતુ આ કિસ્સામાં અત્યાર સુધી પોલીસે એવી કોઇ તપાસ માટે તૈયારી કરી નથી તો વડી મિડીયામાં લાંબા સમયથી અનેક સવાલો ઉભા કરતા અહેવાલો પ્રકાશીત થઇ રહ્યા છે પરંતુ કોઇ તો કારણ છે કે પોલીસ નીતાના કિસ્સામાં ઉંડી જવા માંગતી નથી.



લખપત તાલુકાના મુખ્ય મથક દયાપર સહિત દોલતપર, વિરાણી ઘડુલી, માતાના મઢ, નરા, મેઘપર,જુનાચાય બરંદા, ખારઈ, સિયોત, મુધાન, ધારેશી, પીપર, આશાલડી, બીટીયારી સહિતના ગામોમાં બુધવારે બપોર બાદ ધોધમાર વરસાદના ઝાપટા પડ્યા હતા માર્ગો પરથી પાણી વહી નીકળ્યા હતા

# આઠ મહિનાથી બે નાસતા ફરતા બે આરોપીઓ ઝડપાયા



ગાંધીધામ તા.૧૭

પૂર્વ કચ્છ પેરોલ ફર્લો સ્કવોડે આઠ માસથી અંજાર પો.સ્ટે.ના ચોરીના ગુના કામે નાસતા ફરતા બે આરોપીઓને બાતમીના આધારે પકડી પાડયા છે. જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા પોલીસ વડાઓએ આપેલ સુચના અનુસંધાને પેરોલ ફર્લો સ્કવોડ નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા પ્રયત્નશીલ હતી, અને તે સમયે જ મળેલ બાતમી આધારે અંજાર પો.સ્ટે.ના ચોરીના ગુનામાં સંડોવાયેલ બંને આરોપીઓ મૂળ રાપર તાલુકાના વલમપર ગામના શૈલેષ પુનાભાઈ કોલી (હાલ રહે. કુંભારડી અંજાર) જગદીશ ઉર્ફે જીગર તુલશી કોલી (હાલ રહે.મેઘપર બોરીચી અંજાર) ને સતાપર રોડ, અંજાર ખાતેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી અંજાર પોલીસ મથકે સોંપવામાં આવેલ હતા.આ કામગીરી પેરોલ ફર્લો સ્કવોડના પોલીસ સબ ઈન્સપેક્ટર આર.બી.રાણા, હે. કોન્સ્ટેબલ સંજયદાન ગઢવી, કો. કિર્તીસિંહ વાઘેલા, સંજય પરમાર દ્વારા કરવામાં આવી હતી.



**તળાવમાં નહી ગામમાં મગર......**

કચ્છમાં થોડા વરસાદ બાદ કુદરતી સૌદર્ય ખીલ્યુ છે સાથે જળચર પ્રાણીઓ પણ બહાર નિકલી રહ્યા છે તે વચ્ચે માનકુવામાં ધોળા દિવસે મગર જોવા મળ્યો હતો મગર શેરી સુધી પહોંચી જતા ભારે અફરાતફરી સર્જાઇ હતી. જો કે બાદમાં ગામ ભેગુ થયુ હતુ અને મગર કોઇને નુકશાન પહોંચાડે તે પહેલા તેને શાંત કરી જવાબદાર વિભાગને જાણ કરાઇ હતી.